GJBK170000562020		વિગત :	તારીખ	માસ	વર્ષ
		દાખલ તારીખ :	૧૭	૦૮	૨૦૨૦
		ફેસલ તારીખ :	૩૦	૦૪	૨૦૨૪
		અવધિ	વર્ષ	માસ	દિવસ
			૦૩	૦૮	૧૩

આંકઃ–

પાલનપુરની શ્રમઅદાલતના પ્રમુખ અધિકારીશ્રી સુનીલ કુમાર શર્મા સાહેબ સમક્ષ,
મુ.પાલનપુર.

<u>રેફરન્સ (એલસીપી)નં. ૨૯/૨૦૨૦.</u>

પ્રથમ પક્ષકાર :– સહાયક રાજય વેરા કમિશ્નરશ્રી,
વાણીજય વેરા કચેરી, મુ. પાલનપુર.
તા. પાલનપુર,
જીલ્લો– બનાસકાંઠા.

<u>–: વિ રૂ ઘ્ધ :–</u>

બીજા પક્ષકાર :– ગણપતભાઈ મફાભાઈ ભંગી (ઘટાડ),
રહે. હરીજન કોલોની, કમાલપુરા પાસે,
તા. પાલનપુર,
જીલ્લો–બનાસકાંઠા.

....

<u>પ્રતિનિધિત્વ :–</u>

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે:– વિ.વ.શ્રી સી.જી.રાજપુત, એન.એમ.જોષી અને આર.પી.વૈષ્ણવ.
બીજા પક્ષકાર શ્રમયોગી તરફે :– શ્રમજીવી કામદાર સંઘના પ્રતિનિધિશ્રી એસ.એસ.દેસાઈ

....

<u>–:: એવોર્ડ ::–</u>

(૧) હાલનાં કામના શ્રમયોગીએ સામાવાળા સંસ્થા વિરૂઘ્ધ તેઓને ગેરકાયદેસર રીતે નોકરીની ફરજમાંથી છુટા કરતાં તે મુજબનો વિવાદ તેઓએ મદદનીશ શ્રમ આયુકત

પાલનપુર સમક્ષ ઉપસ્થિત કરતાં,તે વિવાદમાં પક્ષકારો વચ્ચે સમાધાન નિષ્ફળ જતાં, ઉપરોકત પક્ષકાર વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે ઔદ્યોગીક તકરાર અધિનિયમ–૧૯૪૭ની કલમ–૧૦(૧) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, પાલનપુરે તેમના હુકમ ક્રમાંક:કેએચ/એસ/એચએમસી/–/એજે/આઈડીઆર/ ૦૮ /૨૦૨૦, તા.૧૪/૦૭/૨૦૨૦ થી અત્રેની શ્રમ અદાલતને આ કાર્યવાહીના પક્ષકારોના વિવાદનો ન્યાય–નિર્ણય કરવા અર્થે અનુસુચી સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ નીચે પ્રમાણે છે કે શ્રમયોગી ''ગણપતભાઈ મફાભાઈ ભંગી (ઘટાડ)ને પડેલા દિવસોના પુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા કે કેમ ?'' તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકાર સંસ્થાને હવે પછી સામાવાળા સંસ્થા તરીકે અને બીજા પક્ષકાર શ્રમયોગીને અરજદાર તરીકે સંબોધન કરવામાં આવેલ છે.

(૪) સદર કેસ અત્રેની અદાલતમાં રેફરન્સ અનુસુચિમાં જણાવેલ તકરારના ન્યાયી નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવતાં કાર્યવાહીના પક્ષકારોને હાજર રહેવા માટે રજીસ્ટ્રર પોસ્ટ એડી.થી નોટીસ કરવામાં આવેલ જે નોટીસ બજી ગયેલ છે અને તે અંગેની એકનોલેજમેન્ટની સ્થળપ્રત રેકર્ડમાં સામેલ રાખવામાં આવેલ છે.

<u>અરજદારનાં માંગણા નિવેદનની હકિકત</u> :–

(૫) અરજદાર તરફે આંક–૪ થી માંગણા નિવેદન રજુ થયેલ છે.તેની હકીકતો ને ધ્યાને લેતાં,તેમાં તેઓ જણાવે છે કે,અરજદાર/બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના તાબા હેઠળની જુની આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસેની ચેક પોસ્ટ ઉપર તથા અમીરગઢ ચેકપોસ્ટ ખાતે તા.૦૧/૦૩/૧૯૮૯ થી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. બીજા પક્ષકાર નિષ્ઠાપુર્વક ફરજ બજાવતા હતા.બીજા પક્ષકારનો

નોકરીનો સમય સવારે ૭–૦૦ થી ૧૧/૦૦ સુધીનો હતો.બીજા પક્ષકારને માસિક રૂા.૯૦૦/– છુટા કર્યા ત્યારે આપવામાં આવતો હતો પરંતુ પગારના દિવસે પગાર ચીઠ્ઠી કે હાજરી કાર્ડ આપતા ન હતા અને લઘુતમ વેતનધારા મુજબ પગાર ચુકવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાને વિવિધ મજુર કાયદાઓ લાગુ પડે છે જેવા કે મિનીમમ વેજીસ એકટ, આઈ.ડી.એકટ,ફેકટરી એકટ,ગેજયુઈટી એકટ જેવા અનેક મજુર કાયદાઓ લાગુ પડે છે, પરંતુ તેનો અમલ કરવાની/કરાવવાની પ્રથમ પક્ષકારની નૈતિક ફરજ અને જવાબદારી હોવા છતાં તેનો અમલ કરેલ કે કરાવેલ નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને મજુર કાયદા હેઠળ આપવા પડતાં કોઈ દસ્તાવેજો રૂબરૂમાં માંગણી કરવા છતાં આપેલ નથી.આમ,પ્રથમ પક્ષકાર સંસ્થાએ મજુર કાયદાઓનુ છડેચોક ભંગ કરેલ છે. બીજા પક્ષકારે સતત અને સળંગ નિષ્ઠાથી ફરજ બજાવેલ છે પરંતુ બીજા પક્ષકારની નોકરી દરમ્યાન પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી બીજા પક્ષકારને કોઈપણ જાતના મેમા,ઠપકો કે ચેતવણી મળેલ નથી. આમ, બીજા પક્ષકારનો રેકર્ડ સ્વચ્છ અને ડાઘ રહીતનો હતો. બીજા પક્ષકાર એ સતત દરેક વર્ષમાં ૨૪૦ કરતાં પણ વધારે સળંગ નોકરી કરેલ છે પરંતુ બીજા પક્ષકારને કોઈપણ જાતના વાંક ગુના વગર તા.૨૭/૦૩/૨૦૦૬ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ છે.બીજા પક્ષકારને છુટા કર્યા બાદ સતત કચેરીમાં નોકરી કરતા અને રીટાયર્ડ થયેલ દશરથભાઈ જોષીના પુત્ર મહેન્દ્રકુમાર દશરથલાલ જોષીને બીજા પક્ષકારની જગ્યાએ લાગવગ અને કચેરીના સબંધોના કારણે નોકરી રાખેલ છે અને હાલમાં તેઓ ફરજ બજાવતા નથી પરંતુ તેઓના ખાતામાં પૈસા જમા થયેથી જે ભાઈ તેમની જગ્યાએ કામ કરે છે તેઓને ચુકવી આપે છે. આમ, તેઓ કચેરીમાં ફરજ ન બજાવતા હોવા છતાં રેકર્ડ ઉપર તેમનુ નામ આપી પગાર મેળવે છે. બીજા પક્ષકારને છુટા કર્યા બાદ અન્ય માણસને પણ કાયમી કરેલ છે. આમ, બીજા પક્ષકારને સદર કચેરી મારફતે ઘોર અન્યાય કરી છુટા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ છે. બીજા પક્ષકારને તા.૨૭/૦૩/૨૦૦૬ના રોજ મૌખિક હુકમથી છુટા કર્યા બાદ બીજા પક્ષકારને કોઈપણ જાતની ખાતાકીય તપાસ કરેલ નથી કે બીજા પક્ષકારને

સાંભળવાની કે બચાવ કરવાની પુરતી તકો આપેલ નથી તથા બીજા પક્ષકાર ને નોકરીમાંથી છુટા કરી અન્ય માણસને બીજા પક્ષકારની જગ્યાએ નોકરી આપી ઘોર અન્યાય કરેલ છે અને બીજા પક્ષકાર કામ કરતા હતા તે કાયમી પ્રકારનું કાયમી અને બીજા પક્ષકાર પણ કાયમી કામદાર હતા. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને મનસ્વીપણે એકતરફી નિર્ણય લઈ તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ છુટા કરી બીજા પક્ષકારને બેકારીના ખપ્પરમાં હોમી દઈ પાયમાલ કરી દીધા છે. જે પ્રથમ પક્ષકાર સંસ્થાનું પગલુ અન્યાયી અને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે.બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતા અગાઉ કોઈ નોટીસ, નોટીસ પગાર, છટણી વળતર કે અન્ય કોઈપણ જાતની રકમ ચુકવી આપેલ નથી તેમજ બીજા પક્ષકારને સતત અને સળંગ ૨૪૦ દિવસ કરતા પણ વધારે કામચીરી કરેલ હોઈ, કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છુટા કરેલ છે.બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ ઔધોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ)(જી) (એચ) ની જોગવાઈઓનુ કોઈ જ પાલન કરવામાં આવેલ નથી પરંતુ બીજા પક્ષકારને નોકરી આપેલ નથી કે કોઈપણ જાતના હકકો ચુકવી આપેલ નથી. આમ, પ્રથમ પક્ષકાર સંસ્થાનુ પગલુ અન્યાયી અને ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે તેવી હકીકત જણાવી એવી દાદ માંગેલ છે કે,પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ ગેરકાયદેસર છુટા કરવાનો મૌખિક જે હુકમ કરેલ તે ગેરકાયદેસરનો ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનો છે તેમ ઠરાવતો હુકમ કરવા તેમજ પ્રથમ પક્ષકારે બીજા પક્ષકાર ને તા.૨૭/૦૩/૨૦૦૬ના રોજ ગેરકાયદેસર છુટા કરવાનો મૌખિક જે હુકમ કરેલ તે દિવસથી પડેલા દિવસોના પુરા પગાર તેમજ ગ્રેજયુઈટી/હકકરજા/બોનસ સહીતના તમામ લાભો ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

<u>સામાવાળા તરફે વાંધા જવાબ :–</u>

(૬) સામાવાળા સંસ્થા તરફે અરજદાર/બીજા પક્ષકારના માંગણા નિવેદનનો જવાબ આંક–૭ થી રજુ કરી એવી હકીકત જણાવેલ છે કે, સદરહુ માંગણા નિવેદનમાં જણાવેલ

તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ હોઈ કબુલ મંજરુ નથી તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. બીજા પક્ષકારની પેરા નં.ર થી કબુલ કર્યા સિવાયની હકીકતો તદ્દન ખોટી છે અને જણાવેલ છે કે સરકારશ્રીએ જાહેર કરેલી નિતિઓ અનુસાર તેવા સફાઈ/ પાણી વાળા કામદારોને વખતોવખતના ચુકવણા કરેલ છે. મે. ગુજરાત સરકારના નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક/ઈસીઆર–૧૦૯૪–૪૨૫–ચ, તા.૧૦/૦૨/૨૦૦૬ ની જોગવાઈ/સુચના મુજબ મહે.અધિક વેચાણવેરા કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદના પત્ર ક્રમાંક:વેવેક/મકમ/ર–ગ/અંશકાલીન ભરતી બંધ/૨૦૦૫–૦૬/ જા.૫૦૯૧, તા.૨૭/૦૩/૨૦૦૬ ની સુચના અન્વયે પ્રથમ પક્ષકાર સંસ્થાના કચેરી આદેશ ક્રમાંક:મકમ/પાલન/અંશકાલીન/૨૦૦૫–૦૬/જા.૧૬૦૮૧–૯૪ તા.૨૭/ ૦૩/૨૦૦૬ ના રોજના લેખીત હુકમથી અંશકાલીન કર્મચારીઓને છુટા કરવામાં આવેલ હતા. શ્રી મહેન્દ્ર દશરથલાલ જોષીને મે.સંયુકત વાણિજિયકવેરા કમિશ્નરશ્રીના પત્ર ક્રમાંક:સંવાવેકમિ/વિ–૩/મકમ/અંશકાલીન/૨૦૧૧–૧૨/જા.૨૨૧–૨૩/તા.૧૮/ ૦૪/૨૦૧૧ અન્વયે અંશકાલીનનોને પુન:સ્થાપિત કરવા અંગેના પત્ર અન્વયે અત્રેની કચેરીના આદેશ ક્રમાંક:સંવાવેકમિ/પાલન/મકમ/અંશકાલીન/૨૦૧૧–૧૨/જા. ૩૦૮–૧૧/તા.૧૮/૦૪/૨૦૧૧ મુજબ ચેકપોસ્ટ અમીરગઢ ખાતે નિયુકત કરવામાં આવેલ હતા. ત્યારબાદ સં.રા.વે.કમિ.અમીરગઢ વેલીડેશન યુનિટ બંધ થતાં તા.૦૧ /૦૨/૨૦૧૮ થી અત્રેની કચેરીમાં તેઓની ફાળવણી થયેલ હતી. અત્રે ફાળવણી થયા બાદ તેઓની તા.૨૯/૦૫/૨૦૧૮ થી તેઓની ગેરહાજરીના કારણોસર અન્ય આઉટ સોર્સિંગ કર્મચારીને કામે રાખેલ હતા. ત્યારબાદ શ્રી મહેન્દ્ર જોષી પોતાની ફરજ પર હાજર થતાં આઉટ સોર્સિંગવાળા કર્મચારીને છુટા કરેલ છે. આમ, શ્રી મહેન્દ્ર દશરથલાલ જોષીને નામદાર હાઈકોર્ટ સમક્ષની એસસીએ નં.૧૧૪૪૪/૨૦૧૦ ના અનુસંધાને (નામદાર હાઈકોર્ટના ચુકાદા મુજબ) અત્રેની વડી કચેરીની સુચના મુજબ નિમણુક આપવામાં આવેલ છે. વધુમાં ગુજરાત સરકારીશ્રીના નાણાં વિભાગના પરિપત્ર

ક્રમાંક:પરચ–૧૦૨૦૧૯–ઓ–૨૧૫–ચ, તા.૧૬/૦૭/૨૦૧૯ ની જોગવાઈ મુજબ તા.૨૫/૦૪/૨૦૧૨ ના ઠરાવ સંદર્ભે જો કોઈ અંશકાલીન કર્મચારીને છુટા કરેલ હોય તો તેમને સેવામાં પરત લાભ આપવાની જોગવાઈ કરેલ છે.શ્રી ગણપતભાઈ મફાભાઈ ભંગીને તા.૨૭/૦૩/૨૦૦૬ થી છુટા કરેલ હોઈ તેઓને પુન:નિમણુક આપવા પાત્ર નથી. સરકારીશ્રીના ઠરાવ ક્રમાંક:–ઈસીઆર–૧૦૯૪/૪૨૫–ચ સચિવાલય, ગાંધીનગર તા.૧૦/૦૨/૨૦૦૬ થી મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો–૧૯૫૯ ના નિયમ–૯ હેઠળ તથા ૭૨(૧) જોગવાઈઓ હેઠળ રાખેલ સફાઈ કામદારોને તાત્કાલિક અસરથી કેચરીને લગત આપેલી સત્તાઓ સરકારશ્રીએ પાછી ખેંચતા સફાઈ કામદારોને બંધ કરેલા છે તથા સામાન્ય વહીવટ વિભાગનાં પત્ર ક્રમાંક: વેવેક/મકમ/૨ –ગ/અંશકાલીનભરતી બંધ/૨૦૦૫–૦૬/જા.૫૦૯૧, તા.૨૭/૦૩/૨૦૦૬ ના પરિપત્ર તથા કામદારોને બંધ કરવા જણાવેલ છે તેમજ હવેથી સફાઈ તેમજ પાણીની વ્યવસ્થા માટેની ભરતી આઉટસોર્સિગથી ભરવાની જણાવેલ છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ સાચી હકીકત એવી પણ જણાવેલ છે કે મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો–૧૯૫૩ ના નિયમ–૯ અને ૭૧ ની જોગવાઈ મુજબ કચેરી/જીલ્લા/ખાતાના વડાને મળેલ સત્તાની રૂએ દૈનિક કલાક લેખે નકકી કરવામાં આવતું હંગામી મહેનતાણુ આપવાની શરતે ઓફીસ સફાઈ/પાણીની વ્યવસ્થા માટે કચેરીઓમાં અંશકાલીન કર્મચારીઓની નિમણુક કરવામાં આવતી હતી. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનાં પત્ર ક્રમાંક:વાવેક/મકમ/૨–ગ/અંશકાલીન કર્મચારીની ફાઈલ/૧૭૪/ ૨૦૧૫–૧૬, જા.નં.૪૨૩ મુજબ નાણા વિભાગના તા.૧૫/૦૭/૨૦૦૬ ના ઠરાવથી પ્રથમ ૬ માસ માટે જુદી જુદી કચેરીઓ દીઠ અંશકાલીન કર્મચારીઓની સંખ્યા નકકી કરીને મહેનતાણુ ચુકવવાનો ઠરાવ કરવામાં આવેલ ત્યારબાદ નામદાર સુપ્રિમ કોર્ટના એક કેસ સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂઘ્ધ ઉમાદેવી, ૨૦૦૬(૪) એસસીસી મેજર તરીકે નવી જોગવાઈ દાખલ કરેલ હતી. જેમાં કુલ–૪ શરતો અવલોકને લેવાની થતી હતી. આ ચારેય શરતોનુ એક સાથે સંપુર્ણપણે પાલન થતુ હોય તો તેવા અંશકાલીન કર્મચારીઓને પુન:નિમણુક

આપવાની થતી હતી અને જે કિસ્સામાં સઘળી શરતોનુ પાલન ન થતુ હોય તો તેવા અંશકાલીન કર્મચારીઓને નોકરીમાંથી છુટા કરવાના થતા હતા તેમજ વાણિજિયક વેરા ખાતામાં આવા કર્મચારીઓ માટેની કોઈ જગ્યાઓ અસ્તિત્વ ધરાવતા ન હોવાથી અને આવા કર્મચારીઓની નિમણુકો નિયમિત ભરતી પ્રક્રિયાને અનુસરીને થયેલ ન હોવાથી તમામ અંશકાલીન કર્મચારીઓને અત્રેથી છુટા કરવામાં આવેલ હતા અને આવા અંશકાલીન કર્મચારીઓને ઔધોગિક વિવાદ ધારાની જોગવાઈ પ્રમાણે પગાર તથા છટણી વળતર આપીને છુટા કરવામાં આવેલ હતા. આવા છુટા કરાયેલ અંશકાલીન કર્મચારીઓએ જે તે સમયે નામદાર હાઈકોર્ટમાં વિવિધ પીટીશનનો દાખલ કરેલ હતી. જેમાંથે કેટલાક અંશકાલીન કર્મચારીઓના કિસ્સામાં નામદાર હાઈકોર્ટે છુટા કરવા ઉપર સ્ટે આપેલ હતો જયારે બાકીનાની પીટીશન રદ્ કરી કાઢી નાંખેલ હતી.

<u>કાર્યવાહીના પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ</u> :–

(૭) અરજદાર તરફે તેમનાં માંગણા નિવેદનનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

અરજદાર તરફે મૌખિક પુરાવો :–		
ક્રમ	**આંક**	**મૌખિક પુરાવો :–**
(૧)	આંક–૧૬	અરજદાર ગણપતભાઈ મફાભાઈ ભંગી (ઘટાડ) નું લેખિત સરતપાસનું સોગંદનામું.
અરજદાર તરફે દસ્તાવેજી પુરાવાઓ :–		
ક્રમ	**નિ./આંક**	**દસ્તાવેજોનું વર્ણન :–**
(૧)	નિ.૧૭/૧	ગુજરાત સરકાર નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક પરચ–૧૦૨૦૧૯–ઓ–૨૧૫–ચ સચિવાલય ગાંધીનગર તા.૧૬/૦૭/૨૦૧૯ નો પરિપત્ર,
(૨)	નિ.૧૭/૨	બીજા પક્ષકારએ સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રી વિભાગ–૪, મુ.મહેસાણાને લખેલ તા.૧૯/૦૮/૧૯ નો પત્ર
(૩)	નિ.૧૭/૩	સહાયક રાજય વેરા કમિશ્નરશ્રીની કચેરી પાલનપુરનો તા.૨૩/૦૮/૨૦૧૯ નો પત્ર.
(૪)	નિ.૧૭/૪	સહાયક રાજય વેરા કમિશ્નરશ્રીની કચેરી, મુ. પાલનપુરએ સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રી

		વિભાગ–૪ મુ. મહેસાણાને લખેલ તા.૧૭/૧૨/૧૯ નો પત્ર

આ કામે અરજદાર/બીજા પક્ષકાર તરફે કલોઝીંગ પુરશીસ આંક–૧૯ થી રજુ કરી તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૮) આ કામે સામાવાળા સંસ્થા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમના બચાવના સમર્થનમાં રજુ કરેલ છે.

સામાવાળા સંસ્થા તરફે મૌખિક પુરાવો :–		
ક્રમ	**આંક**	**મૌખિક પુરાવો :–**
(૧)	૨૦	પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે સાહેદ મહેશપુરી ગણેશપુરી બાવા નું સરતપાસનું સોગંદનામું,
સામાવાળા સંસ્થા તરફે રજુ થયેલ દસ્તાવેજો		
ક્રમ	**નિ./આંક**	**દસ્તાવેજોનું વર્ણન :–**
(૧)	નિ.૮/૧	ગણપતભાઈ મફાભાઈ ભંગી હંગામી ધોરણે નિમણુક આપવા કરેલ હુકમની નકલ, તા.૦૫/૦૪/૧૯૮૯.
(૨)	નિ. ૮/૨	મહેનતાણુ ચુકવવા કલાક મુજબ ફાળવવા કરેલ જી.આર.ની નકલ, તા.૩૦/૦૧/૧૯૮૮,
(૩)	નિ. ૮/૩	મહેનતાણુ ચુકવવા કલાક મુજબ ફાળવવા કરેલ જી.આર.ની નકલ, તા.૨૩/૦૯/૧૯૯૮,
(૪)	નિ.૮/૪	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૯/૦૪/૧૯૯૧.
(૫)	નિ.૮/૫	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૩/૦૫/૧૯૯૨.
(૬)	નિ.૮/૬	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૨૨/૦૪/૧૯૯૩.
(૭)	નિ.૮/૭	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૭/૦૪/૧૯૯૪.
(૮)	નિ.૮/૮	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૫/૦૪/૧૯૯૫.
(૯)	નિ.૮/૯	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૨૭/૦૩/૧૯૯૬.
(૧૦)	નિ.૮/૧૦	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૨/૦૬/૧૯૯૭.
(૧૧)	નિ.૮/૧૧	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક

		આપવા કરેલ આદેશની નકલ, તા.૧૬/૧૦/૧૯૯૮.
(૧૨)	નિ.૮/૧૨	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૪/૦૫/૨૦૦૦.
(૧૩)	નિ.૮/૧૩	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૩/૦૪/૨૦૦૨.
(૧૪)	નિ.૮/૧૪	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૮/૦૪/૨૦૦૩.
(૧૫)	નિ.૮/૧૫	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૬/૦૬/૨૦૦૪.
(૧૬)	નિ.૮/૧૬	ગણપતભાઈ મફાભાઈ ભંગીને તદ્દન હંગામી ધોરણે નિમણુંક આપવા કરેલ આદેશની નકલ, તા.૦૮/૦૪/૨૦૦૫.
(૧૭)	નિ. ૮/૧૭	અંશકાલીન કર્મચારીની ભરતી બંધ કરવા બાબતે નાણા વિભાગનો ઠરાવ. તા.૧૦/૦૨/૨૦૦૬.
(૧૮)	નિ. ૮/૧૮	અધિક વેચાણવેરા કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ એ અંશકાલીન કર્મચારીઓને તાત્કાલિક અસરથી છુટા કરવા કરેલ બાબતના પત્રની નકલ, તા.૨૭/૦૩/૨૦૦૬.
(૧૯)	નિ. ૮/૧૯	અંશકાલીન કર્મચારીઓને છુટા કરવા કરેલ અત્રેની કચેરીના આદેશની નકલ, તા.૨૭/૦૩/૨૦૦૬.
(૨૦)	નિ. ૮/૨૦	નાયબ વાણિજિયકવેરા કમિશ્નરશ્રી, મહેકમ, ગુજરાત રાજય, અમદાવાદ દવારા અંશકાલીન કર્મચારીઓનુ મંજુર મહેકમ ન હોવાનુ પત્રની નકલ,
(૨૧)	નિ. ૮/૨૧	સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાના જજમેન્ટની નકલ
(૨૨)	નિ. ૮/૨૨	ગુજરાત સરકારના નાણાં વિભાગનો અંશકાલીન કર્મચારી ઓને લાભ આપવા અંગેનો પરિપત્ર, તા.૧૬/૦૭/૨૦૧૯.
(૨૩)	નિ. ૧૫/૧	પગાર વાઉચરો/પગારચીઠ્ઠીઓ ડીસે.૦૧ થી ફેબ્રુ.–૦૫ સુધી
(૨૪)	નિ. ૧૫/૨	હાજરીકાર્ડ જાન્યુ.–૦૧ થી માર્ચ–૨૦૦૬ સુધી
(૨૫)	નિ. ૧૫/૩	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને નિમણુક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૬/૦૬/૨૦૦૪.
(૨૬)	નિ. ૧૫/૪	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને છુટા કરવા કરેલ અત્રેની કચેરીના આદેશની નકલ, તા.૨૭/૦૩/૨૦૦૬.
(૨૭)	નિ. ૧૫/૫	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને નિમણુક આપવા કરેલ આદેશની નકલ, તા.૧૮/૦૪/૨૦૧૧.
(૨૮)	નિ. ૧૫/૬	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને વેલીડેશન યુનિટ, અમીરગઢ થી છુટા કર્યાના આદેશની નકલ, તા.૦૧/ ૦૨/ ૨૦૧૮.
(૨૯)	નિ. ૧૫/૭	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને અત્રેની કચેરીના હવાલ

		મુકવાના આદેશની નકલ, તા.૦૫/૦૪/ ૨૦૧૮.
(૩૦)	નિ. ૧૫/૮	અંશકાલીન કર્મચારીઓને છુટા કર્યાના આદેશની નકલ તા.૨૬/૦૭/૨૦૧૯.
(૩૧)	નિ. ૧૫/૯	શ્રી મહેન્દ્રકુમાર અમથાલાલ જોષીને ફરીથી નિમણુક આપવા કરેલ આદેશની નકલ, તા.૩૦/૦૪/ ૨૦૨૦.
(૩૨)	નિ. ૨૧/૧	નાણા વિભાગનો પરીપત્ર ક્રમાંક ઈસીઆર/૧૦૯૮/ ૭૪૦/સીએચ, પાના નં.૧ થી ૨, તા.૨૩/૦૯/૧૯૯૮.
(૩૩)	નિ. ૨૧/૨	ગણપતભાઈ મફાભાઈ ઘટાડનો છુટા કરવાનો આદેશ પાના નં.૩ થી ૪ તા.૨૭/૦૩/૨૦૦૬.
(૩૪)	નિ. ૨૧/૩	નાણા વિભાગનો પરીપત્ર ક્રમાંક ઈસીઆર/૧૦૯૪–૪૨૫ –ચ, પાના નં.૫ થી ૬, તા.૧૦/૦૨/૨૦૦૬.
(૩૫)	નિ. ૨૧/૪	અધિક વેચાણવેરા કમિશ્નરશ્રી, ગુ.રા. અમદાવાદના પત્ર ક્ર.વેવેક/મકમ/૨–ગ/અંશકાલીન ભરતીબંધ/૦૫–૦૬ /જા.પ.૫૦૯૧,પાના નં.૭ થી ૧૦,તા. ૨૭/૦૩/૦૬.
(૩૬)	નિ. ૨૧/૫	નામ.સુપ્રિમ કોર્ટનો સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ ઉમાદેવી ૨૦૦૬(૪)એસસીસી મેજર, પાના નં.૧૧ થી ૪૫, તા.૧૦/૦૪/૨૦૦૬.

સદર કામે સામાવાળા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે પુરાવો પુરો થયાની આંક–૨૨ થી પુરશીસ રજુ કરી તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૯) બીજા પક્ષકાર તરફે આંક–૩ થી શ્રમજીવી કામદાર સંઘના જનરલ સેક્રેટરી સતીષ એસ.દેસાઈનું અધિકારપત્ર રજુ થયેલ છે તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિ.વકીલ શ્રી સી.જી.રાજપુત અને એન.એમ.જોષી,આર.પી.વૈષ્ણવનાઓએ હાજર થયેલ છે.બીજા પક્ષકાર તરફે આંક–૧૬ થી પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને ત્યારબાદ બીજા પક્ષકાર ની પ્રથમ પક્ષકાર તરફે ઉલટ તપાસ લેવામાં આવેલ છે અને ત્યારબાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૯ થી કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૦ થી સાહેદનો પુરાવો રજુ કરવામાં આવેલ છે,જેની બીજા પક્ષકાર ના પ્રતિનિધિએ ઉલટ તપાસ કરેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફથી આંક–૨૨ થી પુરાવા બંધની પુરશીસ રજુ થયેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકાર તેમજ બીજા પક્ષકારના પ્રતિનિધિ અને વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને ત્યારબાદ આ

કામ હુકમ ઉપર રાખવામાં આવેલ છે.

આ સિવાય આ કામનો રેકર્ડ જોતાં આ કામે અરજદાર તરફે આંક–૯ થી પ્રોડકશન અરજી રજુ કરવામાં આવેલ છે તથા તે અરજીમાં જણાવેલ દસ્તાવેજો રજુ કરવા અંગેની માંગણી કરવામાં આવેલ છે તથા આ અરજી જવાબ અને સાંભળવા ઉપર રાખવામાં આવેલી હતી. ત્યાર બાદ આ કામે સામાવાળા એ આંક–૧૪ થી પ્રોડકશન અરજીનો જવાબ રજુ કરી આંક–૧૫ ની દસ્તાવેજી લીસ્ટથી પગારના વાઉચરો, હાજરી કાર્ડ તથા અન્ય દસ્તાવેજોની નકલ રજુ કરેલ છે. આ કામે બંન્ને પક્ષકારો તરફે દસ્તાવેજો રજુ થઈ ગયેલા હોય જેથી બીજા પક્ષકાર તરફે આ અરજીને આગળ ચલાવવામાં આવેલ નથી અને હાલમાં આ કેસ ન્યાયિક નિર્ણય ઉપર હોય જેથી સદરહુ અરજીને ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>કાર્યવાહીનાં પક્ષકારોની દલીલો :–</u>

(૧૦) સબબ કામે બન્ને પક્ષકારોનો પુરાવો પુર્ણ થયા બાદ કાર્યવાહી દલીલના તબકકા પર આવતા બંને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દલીલોને ઘ્યાનમાં લેવામાં આવેલ છે. જેનો ઉલ્લેખ નીચે મુજબ કરવામાં આવેલ છે.

<u>અરજદારપક્ષની દલીલો :–</u>

આ કામે અરજદારના પ્રતિનિધિશ્રી દ્ધારા હાલના આ રેફરન્સ પરત્વે દલીલો કરતાં જણાવેલ છે કે,અરજદાર સામાવાળા સંસ્થામાં તા.૦૧/૦૩/૧૯૮૯ થી સફાઈ કામદાર તરીકે તા.૨૭/૦૩/૨૦૦૬ સુધી અંશકાલીન કર્મચારી તરીકે ૪ કલાકની કામગીરી કરેલ છે. અરજદારને માસીક પગાર રૂા.૯૦૦/– તેઓને છુટા કર્યા ત્યારે આપવામાં આવતો હતો. સામાવાળા સંસ્થા તરફે આંક–૧૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિ.૮/૧ થી નિ.૮/૧૬ સુધીના દસ્તાવેજોને રજુ કરવામાં આવેલા છે. જેમાં નિ.૮/૧ થી નિ. ૮/૧૬ સુધીના નોકરીના વખતોવખતના હુકમો છે. સદરહુ દસ્તાવેજો અનુસાર અરજદારની કામગીરી સતત હોવાનું ફલીત થાય છે. અરજદાર તરફે પ્રોડકશન અરજી રજુ કરવામાં

આવેલ છે અને તે અરજી મુજબના દસ્તાવેજોને સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ છે. અરજદારની દર મહિને ૩૦ દિવસની કામગીરી હોય તેઓની દરવર્ષે ૨૪૦ દિવસની કામગીરી થાય છે અને તે અનુસાર અરજદારે સામાવાળા સંસ્થામાં તેઓની કામગીરી કરેલ છે. અરજદારે તેમના રેફરન્સની હકિકતના સમર્થનમાં આંક-૧૬ થી સોગંદનામું રજુ કરવામાં આવેલું છે અને તેઓની કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદાર તેઓની હકિકત ઉપર કાયમ રહેલા છે તથા બીજા પક્ષકારે આંક-૧૭ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવો જેમાં નાણા વિભાગનો તા.૧૬/૦૪/૨૦૧૯ નો ઠરાવ તેમજ અરજદાર તરફે સામાવાળા સંસ્થાને લખેલ પત્ર તેમજ તે પત્રના આધારે પ્રથમ પક્ષકાર સંસ્થા એ મહેરબાન સંયુકત રાજય વેરા કમિશ્નરને લખેલા પત્રો રજુ કરેલા છે. વધુમાં જણાવે છે કે સામાવાળા સંસ્થા તરફે તેમના સાહેદનું સોગંદનામું આંક-૨૦ થી રજુ કરવામાં આવેલ છે અને તેઓની ઉલટ તપાસમાં આંક-૧૭ થી અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજો ની સમ્બંધમાં પ્રશ્ન પુછતાં તેઓએ તે દસ્તાવેજો તેમની કચેરીના હોવાની હકિકતનો સ્વીકાર કરેલો છે તથા એ પણ સ્વિકારેલ છે કે તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ બીજા પક્ષકાર તેમજ અન્ય જે કામદારોએ એક સાથે છુટા કરવામાં આવેલા હતા અને સ્વિકારે છે કે તેમની સંસ્થામાં મહેન્દ્રભાઈ જોષીએ હાલમાં પણ કામ કરે છે અને તેઓને કાયમી કરેલા છે તથા તે મહેન્દ્રભાઈએ બીજા પક્ષકારથી જુનીયર હતા અને જે કામગીરી બીજા પક્ષકાર કરતા હતા તે કામગીરી હાલમાં પણ ચાલુ છે.આમ,સંસ્થાના સાહેદે અરજદારની હકિકતોનો સ્વીકાર કરેલો છે. જે સંજોગોમાં અરજદારનો હાલનો આ રેફરન્સ મંજુર થવાને પાત્ર હોય આ રેફરન્સને મંજુર કરી અરજદારને તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે પુન:સ્થાપિત કરવા માટે વિનંતી કરેલી છે.

<u>સામાવાળાપક્ષે દલીલો :-</u>

(૧૧) સામાવાળા સંસ્થા તરફે તેમના બચાવના સમર્થનમાં મૌખિક દલીલ કરી જણાવેલ છે કે,મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૩ નિયમ-૯ અને ૭૧ ની જોગવાઈ મુજબ

કચેરી/જીલ્લા/ખાતાના વડાને મળેલ સત્તાની રૂએ દૈનિક ૨ કલાક લેખે રૂા.૭૫/-ના તદ્દન હંગમી ધોરણે ઓફીસ સફાઈ/પાણીની વ્યવસ્થા માટે કચેરીઓમાં અંશકાલીન કર્મચારીઓની નિમણુંક કરવામાં આવતી હતી અને સરકારશ્રીએ જાહેર કરેલી નીતિઓ અનુસાર તેવા સફાઈ/પાણીવાળા કામદારોને વખતો વખતના ચુકવણા કરેલ છે તથા મહે.ગુજરાત સરકારના નાણાવિભાગના ઠરાવ ક્રમાંક:ઈસીઆર-૧૦૯૪/૪૨૫/ચ સચિવાલય,ગાંધીનગર તા.૧૦-૨-૦૬ થી મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૯ના નિયમ ૯ હેઠળ તથા ૭૨(૧) જોગવાઈઓ હેઠળ રાખેલા સફાઈ કામદારોને તાત્કાલીક અસરથી કચેરીને લગત આપેલી સત્તાઓ સરકારશ્રીએ પાછી ખેંચતા સફાઈ કામદારો ને બંધ કરેલા છે તથા સામાન્ય વહીવટ વિભાગના પત્ર ક્રમાંક: વેવેક/મકમ/૨-ગ/ અંશકાલિન ભરતી બંધ/૨૦૦૫/૦૬/જા.૫૦૯૧,તા.૨૭-૩-૦૬ ના પરીપત્ર તથા કામદારોને બંધ કરવા જણાવેલ છે તથા જણાવે છે કે હાલના અરજદારે સરકારની નિતી મુજબ પાત્રતા ધરાવતા ન હોઈ જેથી તેઓને પુન:સ્થાપિત કરી શકાય નહી અને બીજા પક્ષકારને મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો-૧૯૫૩ નિયમ-૯ અને ૭૧ ની જોગવાઈ મુજબ તેઓને તદ્દન હંગામી કર્મચારી તરીકે રાખેલ હોવાથી તેઓને છુટા કરતા તેઓ એ માંગણા નિવેદનમાં માંગેલ દાદ માટે હકકદાર નથી.વધુમાં જણાવે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔધોગિક એકમ નથી,પરંતુ તે સરકારી સંસ્થા છે તથા પ્રથમ પક્ષકાર સંસ્થાએ સાર્વભૌમિક (Sorvereign) કામગીરી કરતી હોય જેથી નામદાર સુપ્રિમ કોર્ટના બેગ્લોર વોટર સપ્લાય કેસ મુજબ પણ પ્રથમ પક્ષકાર સંસ્થાને ઔધોગિક એકમ માની શકાય નહી અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉધોગની શ્રેણીમાં આવતી ન હોય તેના ઉપર ઔધોગિક વિવાદધારાની જોગવાઈઓ લાગુ પડતી નથી અને પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે માલીક-કામદારના સમ્બંધ સ્થાપિત થતા ન હોય જેથી પણ બીજા પક્ષકારે કોઈ દાદ મેળવવા હકકદાર નથી.વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકાર નામદાર સુપ્રિમ કોર્ટ દવારા State of Karnataka v/s. Umadevi ના કેસમાં આપેલ સિધ્ધાંતો મુજબ પણ પુન:સ્થાપિત કરવાના હકકદાર ન હોય બીજા પક્ષકારનુ રેફરન્સ

નામંજુર કરવાની વિનંતી કરેલ છે.

(૧૨) આ કામની રેકર્ડ આધારીત હકિતો, પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ, તેઓ તરફે કરવામાં આવેલ દલીલો તથા હાલના રેફરન્સ કેસની અનુસૂચી મુજબનો ન્યાય–નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

– : : મુદ્દાઓ : : –

(૧) શું અરજદાર શ્રમયોગી પુરવાર કરે છે કે,તેઓને સામાવાળા સંસ્થા એ તા.ર૭/૦૩/ર૦૦૬ ના રોજ છુટા કર્યાનું પગલું ગેરકાયદેસર હોય, અરજદાર પડેલ દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપીત થવા હકકદાર છે ?

(ર) શું હુકમ ?

(૧૩) આ કામે ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

– : : નિર્ણયો : : –

(૧) ''નકારમાં''.

(ર) ''આખરી હુકમ મુજબ''.

ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

– : : નિર્ણય અંગેનાં કારણો : : –

મુદ્દા નં.૧ અને ર ની સયુકત ચર્ચા :–

(૧૪) અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોઈ, પુનરાવર્તનનો દોષ ટાળવા સારૂ બન્ને મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે. હાલના રેફરન્સની રેકર્ડ આધારીત હકિકતો અનુસાર અરજદાર શ્રમયોગી સામાવાળા સંસ્થામાં કામગીરી કરતા નહિં હોવા અંગેની તથા અરજદારને છુટા કર્યાના અગાઉના બાર માસમાં તથા તે અગાઉ તેઓએ ર૪૦ કામગીરી કરેલ નહિં હોવા અંગેની

કોઈ તકરાર સામાવાળા સંસ્થા તરફે લેવામાં આવેલ નથી. અરજદારે ઉપસ્થિત કરેલ તકરારને ઘ્યાને લેવામાં આવે તો તેઓ સામાવાળાની સંસ્થામાં કામગીરી કરતા હોય અને તેઓને સામાવાળાએ કાયદેસરની કાર્યવાહી કર્યા વગર મૌખીક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોય તેઓની નોકરીમાં પુન:સ્થાપિત થવા દાદ માંગેલ છે. જયારે અરજદારની તકરાર પરત્વે સામાવાળા સંસ્થા તરફે બચાવ લેવામાં આવેલ છે કે, અરજદારને મુંબઈ આકસ્મીક ખર્ચના નિયમોની જોગવાઈઓને આધીન કચેરીના વડાને મળેલ સત્તાની રૂએ દૈનીક ર કલાક લેખે રૂા.૭૫/– ના તદ્દન હંગામી ધોરણે ઓફિસની સફાઈ તેમજ પાણીની વ્યવસ્થા માટે કચેરીઓમાં અંશકાલની કર્મચારી તરીકે નિમણુંક આપવામાં આવેલ અને તેઓને કાયમી કર્મચારી તરીકેનો હુકમ આપવામાં આવેલ ન હતો અને અરજદારને ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગના તેમજ સરકારશ્રીના ધારાધોરણ મુજબ તેઓને લેખીત પત્ર આપીને તથા વાણિજિયક વેરા ખાતામાં આવા કર્મચારીઓ માટેની કોઈ જગ્યાઓ અસ્તિત્વ ધરાવતાં ન હોવાથી તમામ અંશકાલીન કર્મચારીઓને સામાવાળા સંસ્થા તરફે છુટા કરવામાં આવેલ તથા ઔદ્યોગીક વિવાદ ધારાની જોગવાઈ પ્રમાણે પગાર તથા છટણી વળતર આપીને છુટા કરવામાં આવેલ હોય અરજદાર કોઈપણ પ્રકારની દાદ મેળવવા માટે હકકદાર બનતા નહિં હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, ઉપરોકત મુજબનો વિવાદ કાર્યવાહીના પક્ષકારો વચ્ચે રહેવા પામેલ છે.

(૧૫) હાલના આ રેફરન્સની રેકર્ડ આધારીત હકિકતોને ઘ્યાને લેતાં, અરજદારપક્ષની હકિકત અનુસાર તેઓને સામાવાળા સંસ્થાએ તા.૨૭/૦૩/૨૦૦૬ના રોજ છુટા કરેલા છે. જયારે તેઓએ મદદનીશ શ્રમ આયુકત, પાલનપુર સમક્ષ તેઓની ફરિયાદ તા.૦૪/૦૭/૨૦૨૦ના રોજ ઉપસ્થિત કરેલ છે. આમ, અરજદારે તેઓની ફરીયાદ ચૌદ વર્ષ ઉપરાંતનો સમયગાળો વ્યતિત કર્યા બાદ ઉપસ્થિત કરેલ છે. અરજદારપક્ષે થયેલ વિલંબ એ હાલનો આ રેફરન્સનો ન્યાયીક નિર્ણય કરતી વખતે ખુબ અગત્યનું પરીબળ

છે. અરજદારે તેઓની ફરિયાદ મદદનીશ શ્રમ આયુકત પાસે વિલંબ માફીની અરજી આપી દાખલ કરેલ નથી.વળી આ સમયગાળામાં વિલંબીત તકરાર દાખલ કરવા અંગે અરજદારની કોઈ અસક્ષમતા કે અસમર્થતા હોવાની હકિકત પણ અરજદારે જણાવેલ નથી.આ સિવાય પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રીએ એવુ પણ જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ ઔધોગિક એકમ નથી જેથી પણ બીજા પક્ષકારને છુટા કરતા અગાઉ ઔધોગિક વિવાદધારાની જોગવાઈઓનુ પાલન કરવુ ફરજીયાત નથી. આમ, કાર્યવાહીના પક્ષકારો વચ્ચે રહેવા પામેલ વિવાદનો ન્યાયીક નિર્ણય કરતાં પહેલાં તેઓ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાની સમીક્ષા કરવી જરૂરી જણાય આવતી હોય, તેનો ઉલ્લેખ સૌ પ્રથમ કરવામાં આવેલ છે અને ત્યારબાદ અત્રેથી ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્ધાઓનો ન્યાયીક નિર્ણય કરવામાં આવેલ છે.

<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u> :-

(૧૬) આ કામના અરજદાર દ્ધારા તેમના રેફરન્સની હકિકત પુરવાર કરવા માટે આંક – ૧૬ થી લેખીત સ્વરૂપની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે તથા અરજદારે તેમના સરતપાસના સોગંદનામામાં તેઓના માંગણા નિવેદન મુજબની હકીકત જણાવેલ છે તથા તે મુજબની દાદ માંગેલ છે તથા સામાવાળા તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકારે એ વાત કબુલ રાખેલ છે કે તેઓએ સેલ ટેક્ષમાં ઈન્ટરવ્યુ આપેલ નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓ જયારે સેલટેક્ષમાં કામ કરવા જતા હતા ત્યારે તેઓના જેવા કામ કરતા કર્મચારી આશરે ચાર પાંચ હશે. તેઓ કબુલ રાખેલ છે કે સેલટેક્ષ એ ઔધોગિક એકમ નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓએ સેલ ટેક્ષમાં જે કામ કર્યુ તે કાયમી કર્મચારી તરીકે કામ કરેલ નથી. અરજદાર સ્વૈચ્છાએ જણાવે છે કે તેઓએ સવારે સાતથી અગિયાર વાગ્યા સુધી કામ કરેલ છે અને ઘણી વખત તેઓએ બે થી અઢી વાગ્યા સુધી પણ કામ કરેલ છે.તેઓ કબુલ રાખેલ છે કે તેઓને જયારે કામ ઉપર બોલાવે ત્યારે કાયદેસરનો સમય સવારે સાતથી અગિયારનો હતો. તેઓ કબુલ

રાખેલ છે કે તેઓના માંગણા નિવેદનમાં કઈ સાલમાં કેટલા દિવસ કામ કર્યુ તેની કોઈ વિગત જણાવેલી નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓનો સમય સવારે સાત થી અગિયારનો હતો પરંતુ તેમાં તેઓની કામગીરી બે કલાકની હતી. તેઓની કામગીરી સફાઈની હતી. તેઓની કામગીરીમાં પાણી આપવાનું ન હતું. તેઓ કબુલ રાખેલ છે કે તેઓએ જેટલો સમય કામ કર્યુ તે સમયની તેઓને પગારની રકમ મળી ગયેલ છે અને તેઓનુ કોઈ લેણુ નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓના દિકરાની કમાણી ઉપર તેઓનુ ગુજરાન ચાલે છે. તેઓ કબુલ રાખેલ છે કે તેઓ તેમના દિકરાના દિકરાઓને દાદા તરીકે સંભાળે છે. તેઓ કબુલ રાખેલ છે કે શરીરમાં કોઈ ખોડખાંપણ નથી. તેઓ કબુલ રાખેલ છે કે હાલમાં તેઓને મજુરી મળે તો તેઓ કરી શકે. તેઓ એ વાત કબુલ રાખેલ છે કે તેઓના દિકરાઓ કમાતા હોઈ તેઓનુ ગુજરાન ચાલતુ હોય જેથી તેઓ મજુરી કામે જતા નથી. તેઓ એ વાત કબુલ રાખેલ છે કે તેઓ છેલ્લા સોળ વર્ષથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરવા માટે ગયેલ નથી. તેઓ કબુલ રાખેલ છે કે તેઓએ કરેલ હાલની ફરીયાદ ચૌદ વર્ષ બાદ ૨૦૨૦ માં કરેલી છે. તેઓ કબુલ રાખેલ છે કે તેઓની નિમણુક કાયદેસરની પ્રક્રિયા અપનાવીને થયેલ ન હતી. અરજદાર સ્વૈચ્છાએ જણાવે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓના ફોઈ કામ કરતા હતા અને તેમનું અવસાન થતાં તેઓ ત્યાં જતા હતા જેથી તેઓનું નામ ચડી ગયેલું.

<u>સામાવાળા પક્ષનો મૌખિક પુરાવો :-</u>

(૧૭) અરજદારના પુરાવા પુર્ણ થયા બાદ સબબ કામ સામાવાળાના પુરાવા રજુ કરવાના તબકકા પર આવતાં સામાવાળાપક્ષે સાહેદ તરીકે મહેશપુરી ગણેશપુરી બાવાનાએ આંક -૨૦ થી લેખિત સ્વરૂપનું સોગંદનામું રજુ કરેલ છે,આ સોગંદનામામાં પ્રથમ પક્ષકારે પોતાના માંગણા નિવેદનના જવાબમાં રજુ કરેલ હકીકતોને વળગી રહેલ છે અને આ સાહેદની બીજા પક્ષકારના વિ.વકીલશ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેની હકીકત જોતાં, સાહેદ જણાવે છે કે તેઓ તા.૦૧/૦૮/૨૦૨૨ થી સહાયક રાજ્ય

વેરા કમીશ્નર ઘટક–૩૪ પાલનપુર તરીકે ફરજ બજાવે છે.તેઓ કબુલ રાખેલ છે કે તા.૦૧ /૦૮/૨૦૨૨ પહેલાં તેઓએ કયારેય આ કચેરીમાં ફરજ બજાવેલ નથી.તેઓ કબુલ રાખેલ છે કે બીજા પક્ષકારને કામ ઉપર લેવાની અને છુટા થયા અંગેની તેઓને રેકર્ડ અંગેની માહીતી છે. બીજા પક્ષકાર તેઓની કચેરીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ રેકર્ડ જોઈને કહી શકે કે બીજા પક્ષકાર તા.૦૧/૦૩/૧૯૮૯ થી દિવસમાં છ કલાક સુધી કામ કરતા હતા કે કેમ ? તેઓ કબુલ રાખેલ છે કે બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં તા.૦૧/૦૩/૧૯૮૯થી ફરજ બજાવતા હતા.તેઓ કબુલ રાખેલ છે કે બીજા પક્ષકારને જે માસિક પગાર ચુકવવામાં આવતો હતો તે સરકારના નિયમ મુજબ ચુકવણી કરવામાં આવતી હતી. તેઓ કબુલ રાખેલ છે કે રેકર્ડ પ્રમાણે બીજા પક્ષકારને એક વર્ષમાં બે કલાક લેખે તથા એક બીજા વર્ષમાં ચાર કલાક લેખે પૈસા આપવામાં આવતા હતા. સાહેદ રેકર્ડ જોઈને જણાવે છે કે સને–૧૯૮૯ માં બીજા પક્ષકારને એક કલાક કામ આપવામાં આવતુ હતું તથા તા.૦૧/૦૩/૧૯૯૮ થી બે કલાક કામ આપવામાં આવેલુ તથા તા.૦૧ /૦૩/૨૦૦૩ થી છેલ્લે સુધી ચાર કલાક કામ આપવામં આવેલું. તેઓ કબુલ રાખેલ છે કે બીજા પક્ષકારની સાથે મહેન્દ્રકુમાર દશરથલાલ જોષી તથા મનહરકુમાર બાબુલાલ રાઠોડ કામ કરતા હતા. તેઓ કબુલ રાખેલ છે કે આ બંન્ને પૈકી મહેન્દ્રકુમાર દશરથલાલ જોષી હાલના બીજા પક્ષકારથી જુનીયર હતા તથા મનહરકુમાર બાબુલાલ રાઠોડ બીજા પક્ષકારથી જુનીયર હતા કે કેમ ? તે તેઓ રેકર્ડ જોઈને જણાવી શકે. તેઓને નિ.૧૭/૧ નો દસ્તાવેજ બતાવતાં જોઈને કહે છે કે આ દસ્તાવેજ અંશકાલીન કર્મચારીઓનો મહેનતાણામાં વધારો કરવા અંગેનો દસ્તાવેજ છે.તેઓને નિ.૧૭/૨નો દસ્તાવેજ બતાવતાં જોઈને કહે છે કે આ પત્ર બીજા પક્ષકારે તેઓની વડી કચેરી મુ. મહેસાણા ને સંબોધીને લખેલ છે અને તેની કોપી પણ તેઓને મોકલવામાં આવેલી છે. તેઓ ને નિ.૧૭/૩નો દસ્તાવેજ બતાવતાં જોઈને કહે છે કે જયારે બીજા પક્ષકારે તેઓની સંસ્થાને ૧૭/૨ વાળો પત્ર લખેલો તેને તેઓની વડી કચેરીમાં ફોરવર્ડ કર્યા અંગેનો પત્ર છે. તેઓને નિ.૧૭/૪ નો દસ્તાવેજ બતાવતાં જોઈને કહે છે કે આ દસ્તાવેજ તેઓને

સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રી વિભાગ–૪ મહેસાણા તરફથી આ દસ્તાવેજમાં જણાવેલ વિષય તથા સંદર્ભમાં સક્ષમ અધિકારીએ યોગ્ય નિર્ણય લેવા સારૂ લખેલો પત્ર છે. તેઓ એ વાત કબુલ રાખેલ છે કે તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ બીજા પક્ષકાર તથા અન્ય છ કામદારોને એકસાથે છુટા કરવામાં આવ્યા. સાહેદ જણાવે છે કે નાણાં વિભાગના પત્ર અનુસંધાને અંશકાલિન કર્મચારીઓને છુટા કરવાનો હુકમ હતો તે અનુસરે તમામ અંશકાલિન કર્મચારીઓને છુટા કરવામાં આવેલ છે. તેઓને એ વાતની ખબર નથી કે મહેન્દ્રકુમાર જોષીના પિતા દશરથભાઈ તેઓની કચેરીમાં કામ કરતા હતા કે કેમ ? તેઓની સંસ્થામાં હાલમાં મહેન્દ્રભાઈ દશરથભાઈ જોષીએ સફાઈ કામદાર તરીકે કામ કરે છે. મહેન્દ્રભાઈને તા.૨૯/૦૫/૨૦૧૮ ના દિવસથી ફરીથી નિમણુક નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા તેમજ તેઓની વડી કચેરીના આદેશ અનુસાર આપવામાં આવેલ છે. તેઓને નિ. ૧૭/૧ નો દસ્તાવેજ બતાવતાં જોઈને કહે છે કે સુચના નં.૪ મુજબ નાણાં વિભાગના તા.૨૫/૦૪/૨૦૧૨ ના ઠરાવની સુચના મુજબ કોઈ અંશકાલીન કર્મચારીને તા.૨૫/૦૪/૨૦૧૨ પહેલા છુટા કરવામાં આવેલ હોય અને તેઓ વયનિવૃતિ મર્યાદા વટાવી ગયેલ ન હોય તો તેમને સેવામાં પરત લેવાના રહેશે અને તેમને પણ તા.૦૧/૦૧/૨૦૧૯ થી આ ફીકસ પગારનો લાભ આપવાનો રહેશે તેમ જણાવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે નામદાર સુપ્રિમકોર્ટના ઉમાદેવીના આદેશ મુજબ જો કર્મચારી ચુકાદાઓમાં જણાવેલ ચાર શરતોનું પાલન કરતો હોય તેને લાભ આપવાનું જણાવેલ છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવેલ છે કે બીજા પક્ષકારે કલાક વાઈઝ કામગીરી કરેલ છે અને તે મુજબ તેને મહેનતાણું ચુકવવામાં આવેલ છે. તેઓ એ વાત કબુલ રાખેલ છે કે બીજા પક્ષકાર જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલમાં ચાલુ છે અને તે કામગીરી બીજા કોઈ વ્યકિત કરે છે. આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ પર આવેલ છે.

(૧૮) આ કામે ઉભય પક્ષકારો તરફે ઉપસ્થિત થયેલ તકરારના સમર્થનમાં ઉપરોકત અનુસારના મૌખીક દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા આ તબકકે ઔદ્યોગીક વિવાદ અધિનિયમ ના કાયદાની જરૂરી જોગવાઈઓ ત્વરીત રીફર થઈ શકે તે અર્થે તેનો

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. આ જોગવાઈઓ નીચે જણાવ્યા મુજબની છે.

– <u>કલમ–૨ (કે)</u> 'ઔધોગીક તકરાર' : એટલે કોઈ વ્યકિતને કામે રાખવા અથવા ન રાખવા સાથે અથવા તેને કામે રાખવાની શરતો સાથે અથવા તેના કામની શરતો સાથે સંકળાયેલી હોય એવી માલિકો અને માલિકો વચ્ચેની અથવા માલિકો અને કામદારો વચ્ચેની અથવા કામદારો અને કામદારો વચ્ચેની કોઈ તકરાર અથવા મતભેદ.

– <u>કલમ–૨ (૦૦)</u> 'છટણી' એટલે શિસ્તના પગલાં તરીકે કરેલી શિક્ષારૂપે હોય તે સિવાય બીજી રીતે ગમે તે કારણસર માલિકે કરેલી કોઈ કામદારની નોકરીની સમાપ્તિ,પણ તેમાં નીચેનાનો સમાવેશ થતો નથી.

(a) કામદારની સ્વૈચ્છાપુર્વકની નિવૃતિ અથવા

(b) માલિક અને સંબંધિત કામદાર વચ્ચેનો રોજગાર કરારમાં તે માટે શરત હોય તો નિવૃતિ વચે પહોંચતા કામદારની નિવૃતિ, અથવા

(bb)માલિક અને સંબંધિત કામદાર વચ્ચેના રોજગારના કરાર પુરો થયે તાજો ન કરવાના અથવા તેમાં જણાયેલી તે માટેની શરત હેઠળ આવા કરારની સમાપ્તિના કારણે કામદારની નોકરીની સમાપ્તિ, અથવા

(c) માંદગીના કારણે કોઈ કામદારની નોકરીની સમાપ્તિ

– <u>કલમ–૨૫ બી સળંગ નોકરીની વ્યાખ્યા.</u>

આ પ્રકરણના હેતુઓ માટે –

(૧) કોઈ કામદાર, બિમારી અથવા અધિકૃત રજા અથવા અકસ્માત અથવા ગેરકાયદેસર ન હોય એવી હડતાલ અથવા તેની કોઈ કસુરના લીધે ન હોય તેવી તાળાબંધી અથવા કામબંધીને કારણે ખંડિત થાય તેવી નોકરી સહિતની અખંડ

નોકરીમાં હોય તો તેટલી મુદ્ધત સુધી સળંગ નોકરીમાં છે એમ કહેવાય

(૨) એક વર્ષ અથવા છ મહિના સુધી ખંડ (૧) ના અર્થમાં સળંગ નોકરીમાં ન હોય, ત્યારે તેવા કામદારે, –

(ક) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલાના બાર અંગ્રેજી મહિનાની મુદ્ધત દરમિયાન– (૧) કોઈ ભુગર્ભમાં કામે રાખેલા કામદારના દાખલામાં, એકસો નેવું દિવસ અને (૨) બીજા કોઈ દાખલામાં,બસો ચાલીસ દિવસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, એક વર્ષની મુદત સુધી,

(ખ) જો તેણે જે તારીખના સંદર્ભમાં ગણતરી કરવાની હોય તે તારીખ પહેલા છ અંગ્રેજી મહિના ની મુદ્ધત દરમિયાન–(૧) કોઈ ભુગર્ભ ખાણમાં કામે રાખેલા કામદારના દાખલામાં,પંચાણું દિવસ, અને (૨) બીજા કોઈ દાખલામાં, એકસો વીસથી ઓછા નહિ તેટલા દિવસો સુધી, કોઈ માલિક હેઠળ ખરેખર કામ કર્યું હોય તો, તે છ મહિનાની મુદ્ધત સુધી, સળંગ નોકરીમાં છે એમ ગણાશે.

– <u>કલમ – ૨૫ એફ– કામદારોની છટણીની પૂર્વ શરતો:–</u>

કોઈ માલીક હેઠળ ઓછામાં ઓછી એક વર્ષની અખંડ નોકરી કરી હોય એવા કોઈ ઉદ્યોગમાં કામે રાખેલા કામદારની છટણી,–(એ)તે કામદારને છટણીના કારણો દર્શાવતી એક મહીનાની લેખીત નોટીસ આપવામાં આવી ન હોય અને નોટીસની મુદત પુરી ન થઈ હોય અથવા તે કામદારને એવી નોટીસને બદલે નોટીસની મુદત સુધીનું વેતન આપવામાં ન આવે ત્યાં સુધી,

(બી) તે કામદારને છટણી વખતે અખંડ નોકરીના દરેક પુરા વર્ષ માટે અથવા છ મહીનાથી વધુ હોય તેવા તેના ભાગ માટે પંદર દિવસના સરેરાશ પગાર જેટલું વળતર આપવામાં ન આવે ત્યાં સુધી અને

(સી) સમુચિત સરકાર ઉપર અથવા તે સરકાર ગેઝેટમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારી ઉપર ઠરાવેલી રીતે નોટીસ બજાવવામાં ન આવે ત્યાં

સુધી, કરી શકાશે નહીં.

– <u>કલમ–૨૫ જી. છટણી માટેની કાર્યરીતી:–</u>

કોઈ ઔધોગીક સંસ્થામાં, ભારતનો નાગરીક હોય એવા કોઈ કામદારની છટણી કરવાની હોય અને સદરહું સંસ્થામાં તે અમુક વર્ગનો કામદાર હોય, ત્યારે માલિક અને કામદાર વચ્ચે આ માટે કોઈ કબુલાત ન હોય તો સામાન્ય રીતે માલીકે સદરહું વર્ગમાં છેલ્લે કામે રાખ્યો હોય તે કામદારની છટણી કરવી જોઈશે. સિવાય કે માલિકે કારણોની લેખીત નોંધ કરીને કોઈ બીજા કામદારની છટણી કરી હોય.

– <u>કલમ–૨૫ એચ. છટણી કરેલા કામદારોને ફરીથી કામે રાખવા બાબત.</u>

કોઈ કામદારની છટણી કરવામાં આવી હોય અને માલિક કોઈ વ્યકિતઓને કામે રાખવા માંગે, ત્યારે તેનો,ભારતના નાગરીકો હોય એવા છટણી કરેલા કામદારોને ફરીથી કામે રહેવા માટે ઠરાવવામાં આવે તે રીતે તક આપવી જોઈશે અને એવા છટણી કરેલા કામદારો ફરી કામે રહેવા માંગે તો તેઓને બીજી વ્યકિતઓ કરતા પહેલી પસંદગી આપવી જોઈશે.

– <u>નિયમ–૮૧ કામદારોની સિનિયોરિટી–યાદી રાખવા બાબત.</u>

માલિકે, અમુક જે વર્ગના કામદારોની, છટણી કરવાનું વિચારવામાં આવ્યું હોય તે વર્ગના તમામ કામદારોની,તે વર્ગના નોકરીમાંની તેમની સિનિયોરિટી અનુસાર એક યાદી તૈયાર કરવી પડશે અને છટણીની ચોકકસ તારીખના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં ઔદ્યોગિક સંસ્થાની જગામાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે નોટિસ બોર્ડ ઉપર તેની એક નકલ ચોંટાડાવવી જોઈએ.

(૧૯) ઉપરોકત જણાવેલ જોગવાઈઓ સાથે હાલના આ કેસની રેકર્ડ આધારીત હકિકતો, કાર્યવાહીના પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને

લેતાં, સૌપ્રથમ એ હકિકત નોંધવાની રહે કે, શું પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉદ્યોગની શ્રેણીમાં આવે છે અને બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હતા અને શું તેઓને છુટા કરતા અગાઉ બારમાસનો ઔઘોગિક વિવાદઘારાની કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ છે.આ સમ્બંધમાં ચર્ચા કરીએ તો આ કામના સામાવાળા સંસ્થાએ દલીલમાં સામાવાળા સંસ્થાનો સમાવેશ ઔઘોગિક વિવાદઘારાની કલમ–૨(જે) માં આપવામાં આવેલ ઉદ્યોગની વ્યાખ્યામાં થતો ન હોવાની તકરાર ઉઠાવેલ છે. આ તબકકે ઘી ઔઘોગિક વિવાદ ઘારાની કલમ–૨(જે) કે જેમાં ''**ઉદ્યોગ**''ની વ્યાખ્યા કરેલ છે તેની કાયદાકીય જોગવાઈઓનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

કલમ–૨ (જે) ઉદ્યોગ :–

ઉદ્યોગ એટલે માલીકનો કોઈ ધંધો, હુન્નર, સાહસ, માલ બનાવવાનું કારખાનુ અથવા આજીવિકા અને તેમા કામદારોની કોઈપણ આજીવિકા, સેવા, રોજગાર, હસ્તઉદ્યોગ અથવા ઔઘોગીક કામઘંઘા અથવા વ્યવસાયનો સમાવેશ થાય છે.

અરજદારે આંક–૫ થી રજુ કરેલ માંગણા નિવેદનમાં સામાવાળી સંસ્થાએ કોઈ વ્યવસાયિક કાર્યવિઘી કરતી હોય એવી કોઈ હકીકત જણાવેલ નથી તથા તેઓની આંક–૧૬ લગત ઉલટ તપાસમાં સ્વિકારે છે કે સેલટેક્ષ એ ઔઘોગિક એકમ નથી. અરજદારે પોતાની સરતપાસમાં પણ આવી કોઈ વિગત જણાવેલ નથી કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ વ્યવસાયિક કામગીરી કરતી હોય અને તેમની નિમણુક તે વ્યવસાયિક કામગીરી માટે થયેલી હોય અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉદ્યોગની શ્રેણીમાં આવતી હોય આમ, સામાવાળા સંસ્થામાં કોઈ વસ્તુનું વેચાણ થતુ હોય તેવી હકિકત રેકર્ડ પર પુરવાર થતી નથી. કોઈ સંસ્થાને ઈન્ડસ્ટ્રીઝ ગણી શકાય કે કેમ? તે સંબંઘે નામદાર સુપ્રીમ કોર્ટનો ૧૯૭૮ । એલએલજે પેજ નં.૩૪૯ ઉપર પ્રસિઘ્ઘ થયેલ બેંગ્લોર વોટર સપ્લાય અને સેવરેજ બોર્ડ વિ. રાજપ્પાના કેસમાં ઉદ્યોગની વ્યાખ્યા સંબંઘે ત્રીપલ ટેસ્ટનો સિઘ્ઘાંત પ્રતિપાદિત કરેલ છે જેનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે જેથી તેને પેરેગ્રાફ –૧૬૧ નીચે મુજબ રિપ્રોડયુસ કરેલ છે.

161. I. Industry', as defined in sec. 2(j) and explained in Banerji (supra), has a wide import.(a) Where (i) systematic activity,(ii) organized by co-operation between employer and employee (the direct and substantial element is chimerical) (iii) for the production and/or distribution of goods and services calculated to satisfy human wants and wishes (not spiritual or religious but inclusive of material things or services geared to celestial bliss e.g. making, on a large scale passed or food), prima facie, there is an'industry' in that enterprise.

(b) Absence of profit motive or gainful objective is irrelevant, be the venture in the public, joint, private or other sector.

(c) The true focus is functional and the decisive test is the nature of the activity with special emphasis on the employer-employee relations.

(d) If the organization is a trade or business it does not cease to be one because of philanthropy animating the undertaking.

II. Although sec. 2(j) uses words of the widest amplitude in its two limbs, their meaning cannot be magnified to overreach itself.

(a) 'Undertaking' must suffer a contextual and associational shrinkage as explained in Banerji (supra) and in this judgment; so also, service, calling and the like. This yields the inference that all organized activity possessing the triple elements in I (supra), although not trade or business, may still be 'industry'

provided the nature of the activity, viz. the employer–employee basis, bears resemblance to what we find in trade or business. This takes into the fold of 'industry' undertakings, callings and services, adventures 'analogous to the carrying on the trade or business'. Ail features, other than the methodology of carrying on the activity viz. in organizing the co–operation between employer and employee, may be dissimilar. It does not matter, if on the employment terms there is analogy.

III. Application of these guidelines should not stop short of their logical reach by invocation of creeds, cults or inner sense of incongruity or outer sense of motivation for or resultant of the economic operations. The ideology of the Act being industrial peace, regulation and resolution of industrial disputes between employer and workmen, the range of this statutory ideology must inform the reach of the statutory definition. Nothing less, nothing more.

(a) The consequences are (i) professions, (ii) clubs, (iii) educational institutions, (iv) co–operatives, (v) research institutes (vi) charitable projects and (vii) other kindred adventures, if they fulfil the triple tests listed in I (supra), cannot be exempted from the scope of sec. 2(j).

(b) A restricted category of professions, clubs, co–operatives and even gurukulas and little research labs,may qualify for

exemption if, in simple ventures, substantially and, going by the dominant nature criterion,substantively, no employees are entertained but in minimal matters, marginal employees are hired without destroying the non−employee character of the unit.

(c) If, in a pious or altruistic mission many employ themselves, free or for small honoraria or like return, mainly drawn by sharing in the purpose or cause, such as lawyers volunteering to run a free legal services clinic or doctors serving in their spare hours in a free medical centre or ashramites working at the bidding of the holiness, divinity or like central personality, and the services are supplied free or at nominal cost and those who serve are not engaged for remuneration or on the basis of master and servant relationship, then, the institution is not an industry even if stray servants, manual or technical, are hired. Such eleemosynary or like undertakings alone are exempt−not other generosity, compassion, developmental passion or project.

IV. The dominant nature test '.

(a) Where a complex of activities, some of which qualify for exemption others not, involves employees on the total undertaking, some of whom are not 'workmen' as in the University of Delhi case (supra) or some departments are not productive of goods and services if isolated, even then, the

predominant nature of the services and the integrated nature of the departments as explained in the Corporation of Nagpur (supra), will be the true test. The whole under‒ taking will be 'industry' although those who are not 'workmen' by definition may not benefit by the status.

(b) Notwithstanding the previous clauses, sovereign functions, strictly understood, (alone) qualify for exemption, not the welfare activities or economic adventures undertaken by government or statutory bodies.

(c) Even in departments discharging sovereign functions, if there are units which are industries and they are substantially severable, then they can be considered to come within sec. 2(j).

(d) Constitutional and competently enacted legislative provisions may well remove from the scope of the Act categories which otherwise may be covered thereby.

V. We overrule Safdarjung (supra). Solicitors' case (supra). Gymkhana (supra). Delhi University (supra), Dhanrajgirji Hospital (supra) and other rulings whose ratio runs counter to the principles enunciated above, and Hospital Mazdoor Sabha (supra) is hereby rehabilitated.

આમ, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ઉપરોકત કેસમાં કસોટી નિર્ધારીત કરેલ છે. જેને ટ્રીપલ ટેસ્ટ કહેવાય છે. તે ત્રણ કસોટી નીચે મુજબ છે.

(૧) પધ્ધતિસરની કામગીરી હોવી જોઈએ.

(૨) કામદાર માલીકના સંબંધો હોવા જોઈએ.

(૩) આવી પધ્ધતિઓ સમાજના બહોળા વર્ગને અર્થે કરવામાં આવતી હોવી જોઈએ./ માનવ જરૂરીયાત માટે કરવામાં આવતી હોવી જોઈએ.

હવે આ ચુકાદા મુજબ હાલના કેસના સંજોગો જોવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થાએ કોઈ પધ્ધતિસરની કામગીરી કરતી હોય તથા આવી કામગીરી સમાજના બહોળા વર્ગના અર્થે કરવામાં આવતી હોય કે માનવ જરૂરીયાત માટે કરવામાં આવતી હોય તેવો બીજા પક્ષકારનો કેસ પણ નથી તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થાએ આવી કોઈ પધ્ધતિથી કામ કરતી હોય તેવુ પણ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં સદરહુ બેગ્લોર વોટર સપ્લાય (સુપ્રા)કેસના પેરા નં. ૧૬૧ ના સબ પેરા નં.૪ ના કલોઝ બી માં એવુ ઠરાવેલ છે કે જો સંસ્થાની કામગીરી સાર્વભૌમિક (sovereign) હોય તો આવી સંસ્થાને ઉઘોગ માની શકાય નહી તથા આ જ સબ પેરા નં.૪ ના કલોઝ સી માં એવુ ઠરાવવામાં આવેલ છે કે જો કોઈ ઈન્ડસ્ટ્રીઝ સાર્વભૌમિક (sovereign) કામગીરી કરતી હોય અને તેની સાથે કોઈ ઉઘોગની પ્રવૃતિ પણ કરતી હોય તો તે સંસ્થાને ઉઘોગ માની શકાય,પરંતુ હાલના કેસના સંજોગો જોતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ સાર્વભૌમિક (sovereign) કામગીરી સિવાય કોઈ ઉઘોગની કામગીરી કરતી હોય તેવુ કંઈ રેકર્ડ ઉપર આવેલ નથી.જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બેગ્લોર વોટર સ પ્લાય કેસમાં આપેલ ત્રીપલ ટેસ્ટના સિધ્ધાંતમાં આવતી ના હોય પ્રથમ પક્ષકાર સંસ્થાને ઉઘોગ કહી શકાય નહી.

વધુમાં આ સમ્બંધમાં ચર્ચા કરીએ તો શ્રમયોગી એવુ જણાવે છે કે તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થાની તાબા હેઠળમાં તા.૦૧/૦૩/૧૯૮૯ થી સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની નોકરીનો સમય સવારના ૭–૦૦ થી ૧૧–૦૦ વાગ્યા સુધીનો હતો અને તેઓને છુટા કર્યા ત્યારે તેઓને માસિક પગાર ૯૦૦/– રૂપિયા આપવામાં આવતો હતો અને તેઓએ તેમની ફરજ વફાદારી ખંત અને નિષ્ઠાથી પ્રમાણિકપણે નોકરી કરતા હતા,પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા એ એવુ જણાવેલ છે કે આ કામના બીજા પક્ષકાર દૈનિક વેતન રોજમદાર/શ્રમિક તરીકે નહી પરંતુ મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૩ ના

નિયમ ૯ અને ૭૧ ની જોગવાઈ મુજબ કચેરી/જીલ્લા/ખાતાના વડાને મળેલ સત્તાની રૂએ દૈનિક બે કલાક લેખે રૂા.૭૫/– ના તદ્દન હંગામી ધોરણે ઓફીસ સફાઈ/પાણીની વ્યવસ્થા માટે અંશકાલીક કર્મચારી તરીકે કામગીરી કરતા હતા અને તેઓને સરકાર શ્રીએ જાહેર કરેલી નિતી અનુસાર વખતોવખતના ચુકવણા કરવામાં આવેલા છે તથા મૌખિક દલીલમાં જણાવે છે કે બીજા પક્ષકારને નિયમોનુસાર કોઈ નિમણુંક આપવામાં આવેલ નથી. તેથી આવા અંશકાલીન કર્મચારીઓ માટે નોકરી શબ્દ લાગુ પાડી શકાય નહી.આમ,હાલની કાર્યવાહીના બંન્ને પક્ષકારોએ એકબીજાની વિરૂધ્ધની હકીકત જણાવેલ છે, સર્વપ્રથમ રેકર્ડ જોવામાં આવે તો અરજદારનો આ પ્રકારનો કેસ નથી કે તેઓને સરકારશ્રીના અધિકૃત નિયમોનુસાર કોઈ ભરતી કે નિમણુંક આપેલ છે, તથા અરજદાર તેઓની કામગીરીની બાબતમાં ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, ''એ વાત ખરી છે કે મારી નિમણુક કાયદેસરની પ્રક્રિયા અપનાવીને થયેલ ન હતી'' અને જણાવે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેમના કોઈ કામ કર્તા હતા અને તેમનુ અવસાન થતાં તેઓને ત્યાં જતા હતા જેથી તેમનુ નામ ચડી ગયેલુ. વધુમાં સ્વિકારે છે કે તેઓએ સરકારશ્રીના પરીપત્રો અનુસાર તેની મર્યાદામાં આવતા હતા કે કેમ? તે જણાવી શકે નહી. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રજુ થયેલ નિ.૮/૧ થી ૮/૧૬ સુધીના દસ્તાવેજો જોવામાં આવે તો બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થાએ વખતોવખત અંશકાલીન કર્મચારી તરીકે નિમણુક કરવામાં આવેલ છે અને વખતોવખત સરકારશ્રીની નિતિનિયમો મુજબ તેઓને કામગીરીના કલાક અનુસાર વેતન ચુકવવામાં આવેલ છે તથા આ દસ્તાવેજોમાં જણાવેલ વિગતોથી કોઈ વિપરીત વિગત હાલના શ્રમયોગી દવારા જણાવવામાં આવેલ નથી. જેથી હાલના શ્રમયોગીએ કાયમી જગ્યા ઉપર કાયમી કામદાર તરીકે અથવા દૈનિક રોજમદાર/ શ્રમિક તરીકે ફરજ બજાવેલી હોય તે સાબીત થતુ નથી. આ સિવાય અરજદાર પક્ષે સામાવાળા સંસ્થાના સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં અરજદારનું કામ કાયમી અને તેઓ કાયમી પ્રકારના કામદાર હતાં તે હકિકત પરત્વે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. અરજદારે જણાવેલ હકિકત અનુસાર તેઓ જે કામ કરતાં હતાં તે કામ કાયમી અને તેઓ કાયમી હતાં તે હકિકત પુરવાર

કરવાનો બોજો અરજદારપક્ષ ઉપર રહેલો છે. પરંતુ અરજદારે તેઓએ જણાવેલ હકિકતને સમર્થન કરતો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેઓનું કામ કાયમી હોવાનું અને અરજદાર કાયમી હોવાનું તેઓએ નિવેદન કરવા માત્રથી તે હકિકત પુરવાર થયેલાનું માની શકવાની કાયદાની પરિસ્થિતિ નથી. અરજદાર કાયમી પ્રકારના કામદાર હોવાની હકિકતને તેઓ તરફે કોઈ દસ્તાવેજી પુરાવાનું સમર્થન પ્રાપ્ત નથી તથા અરજદારે તેઓની ઉલટ તપાસમાં સ્વીકૃત કરેલ હકિકત અનુસાર તેઓની સરકારશ્રીના અધિકૃત નિયમોનુસાર કોઈ ભરતી કે નિમણુંક કરવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં અરજદારની નિમણુંક સક્ષમ ઓથોરીટી તરફથી કાયદેસરની નિયમીત સ્વરૂપની અને કાયદેસરની સેટઅપની જગ્યા ઉપરની ન હોય અરજદાર સામા વાળા સંસ્થામાં કાયમી પ્રકારના કામદાર હોવાની તથા તેઓ એ કાયમી સેટઅપની જગ્યાએ કામ કરેલાની હકિકત પુરવાર થતી નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રજુ થયેલ દસ્તાવેજો થી વિપરીતની કોઈ હકીકત અરજદારે રજુ કરવામાં નિષ્ફળ નિવડેલ છે,જેથી બીજા પક્ષકારે અંશકાલીન કર્મચારી તરીકે કામગીરી કરેલ છે, તે સાબિત થાય છેં અને આ ચર્ચા મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉદ્યોગ હોય તેમજ પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે માલીક-કામદારના સમ્બંધ રહેલ હોય તે માનવામાં આવતું નથી.

હવે બીજા પક્ષકારના કથન મુજબ તેઓને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલા છે.જેથી બીજા પક્ષકારની નોકરીના અંતે તેઓ એ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ (જેને આગળ આ ચુકાદામાં અધિનિયમ તરીકે જણાવેલ છે) ની કલમ-૨૫ (બી) મુજબ સળંગ નોકરીમાં હતા કે નહી તે નકકી કરવાનું છે, જે બાબતમાં અધિનિયમની કલમ-૨૫(બી) ની વ્યાખ્યા ઘ્યાને લેતાં એક વર્ષ અથવા છ મહીનાની સળંગ નોકરીમાં ન હોય ત્યારે અરજદાર કામદાર છુટા કરેલ તે તારીખથી છેલ્લા-૧૨ માસમાં બસો ચાલીસ દિવસથી ઓછા નહી તેટલા દિવસો સુધી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં કામ કરેલ છે તેવું કામદાર પુરવાર કરવાનું રહે છે.આ સબંધમા ચર્ચા કરતા અગાઉ એ જણાવવુ જરૂરી જણાય છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને મૌખિક હુકમથી નહી પરંતુ સરકારશ્રીના નાણા

વિભાગના હુકમ અનુસરીને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ લેખીત હુકમથી છુટા કરેલ છે તથા બીજા પક્ષકારને છુટા કરતા અગાઉના બાર માસમાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થા માં સતત ૨૪૦ દિવસ કામગીરી કરેલ ન હોય તેવી કોઈ તકરાર પ્રથમ પક્ષકાર તરફે લેવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક-૧૫ ની લીસ્ટથી જે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે તેનાથી સ્પષ્ટ થાય છે કે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને છુટા કરતા અગાઉના બાર માસમાં સતત ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે.

(૨૦) હાલના આ રેફરન્સમાં ઔદ્યોગીક તકરાર અધિનિયમની આદેશાત્મક જોગવાઈ ઓનો ભંગ થાય છે કે કેમ? તે પરત્વે રેકર્ડ આધારીત હકિકતોને ધ્યાને લેતાં,બીજા પક્ષકારે એવુ જણાવેલ છે કે તેઓને છુટા કરતી વખતે સંસ્થાએ કોઈ નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવેલ નથી અન્ય લાભો આપેલ નથી જયારે અરજદારની ઉલટ તપાસની હકિકતને ધ્યાનેલેતાં, અરજદારે તેમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે અમોએ જેટલો સમય કામ કરેલ તે સમયના પગારની રકમ મળી ગયેલ છે અને મારૂ કોઈ લ્હેણુ નથી વિપરીતમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ એવુ જણાવેલ છે કે વાણિજયક વેરા ખાતામાં બીજા પક્ષકાર જેવા કર્મચારીઓ માટેની કોઈ જગ્યાઓ અસ્તિત્વ ધરાવતા ન હોવાથી અને આવા કર્મચારીઓની નિમણુકો નિયમીત ભરતી પ્રક્રિયાને અનુસરીને થયેલ ન હોવાથી તમામ અંશકાલીન કર્મચારીઓને નામદાર સરકારના હુકમથી છુટા કરવામાં આવેલ હતા અને આવા અંશકાલીન કર્મચારીઓને ઔદ્યોગિક વિવાદધારાની જોગવાઈઓ પ્રમાણે પગાર તથા છટણી વળતર આપીને છુટા કરવામાં આવેલા હતા.આમ, ઉપરોકત મુજબની વિરોધાભાસી હકિકતો રેકર્ડ પર આવેલ છે.પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા અરજદારને કાયદાની જોગવાઈ મુજબ પગાર તથા છટણી વળતર આપેલાનું જણાવવામાં આવેલ છે અને અરજદારનું કોઈ રકમનું લ્હેણું સામાવાળા સંસ્થામાં બાકી હોય તે મુજબ ની હકિકત તેઓ રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે તેઓનું કોઈ લ્હેણું સામાવાળા સંસ્થામાં બાકી નીકળતું હોવાનું જણાય આવતું નથી. સરકારશ્રી તરફે થયેલ ઠરાવ તથા નાણાકિય સત્તાઓ પરત ખેંચવામાં આવતાં તમામ અંશ:કાલીન કર્મચારીઓને છુટા કરવામાં આવતાં

અરજદારને તે અનુસાર સામાવાળા સંસ્થાએ છુટા કરવામાં આવેલ હોય, તે સંજોગોમાં અરજદારને છુટા કરવાના પગલાને ગેરકાયદેસર કૃત્ય ગણી શકાય તેમ નથી.

(૨૧) સામાવાળા સંસ્થાએ અરજદારની જગ્યાએ તથા અરજદાર જે કામગીરી કરતાં હતાં તે કામગીરી તેમનાથી જુનીયર મહેન્દ્રભાઈ દશરથકુમાર જોષીને કામ પર ચાલુ હોવાની હકિકત જણાવેલ છે તેમજ જણાવે છે કે તેઓને છુટા કર્યા બાદ અન્ય માણસોને પણ કાયમી કરેલ છે પરંતુ મહેન્દ્રભાઈ દશરથકુમાર જોષી સિવાય કયા જુનીયર કર્મચારી ને પ્રથમ પક્ષકાર સંસ્થા દવારા ફરીથી નોકરી ઉપર લઈને કાયમી કરવામાં આવેલો તે સમ્બંધમાં કોઈ ખુલાસો કે આવા કોઈ વ્યકિતના નામ બીજા પક્ષકારે રેકર્ડ ઉપર લાવવામાં સફળ થયેલ નથી તથા મહેન્દ્ર દશરથલાલ જોષીના સમ્બંધમાં પ્રથમ પક્ષકાર સંસ્થા એ એવુ જણાવેલ છે કે તેઓને નામદાર હાઈકોર્ટ સમક્ષની એસ.સી.એ.નં.૧૧૪૪૪ / ૨૦૧૦ ના અનુસંધાને નામદાર હાઈકોર્ટના ચુકાદાના આધારે અત્રેની વડી કચેરી ના સુચના મુજબ નિમણુક આપવામાં આવેલ છે અને તે વિગત રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી રેકર્ડ પર પુરવાર કરવામાં પ્રથમ પક્ષકાર સફળ થયેલ છે. જેથી બીજા પક્ષકારને છુટા કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારથી જુનીયર કોઈપણ કર્મચારીને ફરીથી ફરજ ઉપર રાખેલ હોય તેવુ પુરવાર થતુ નથી.

(૨૨) વધુમાં,સામાવાળા સંસ્થાએ સરકારી સંસ્થાનો એક વિભાગ છે, જયાં કર્મચારીની નિમણુંક માટેના નિયમો છે અને નિયમોને આધારિત કર્મચારીઓની નિમણુંક જે તે મંજુર જગ્યા પ્રમાણે ભરતી કરવામાં આવતી હોય છે. હાલનાં અરજદારે કોઈ ભરતી પ્રક્રિયાનાં ભાગરૂપે નોકરીમાં આવેલ નથી. અરજદારની સોગંદ ઉપરની ઉલટ તપાસ મુજબ તેઓની નિમણુક કાયદેસરની પ્રક્રિયા અપનાવીને થયેલ નહોતી અને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેમના ફોઈ કામ કરતા હોઈ અને તેમનુ અવસાન થતાં તેઓએ ત્યાં સંસ્થામાં જતા હોય જેથી તેમનુ નામ ચડી ગયેલુ.આમ,અરજદાર સામાવાળા સંસ્થાની ભરતી પ્રક્રિયા

અનુસારના નિમણુંક પામેલ કર્મચારી નથી તથા તેઓને તદ્દન હંગામી ધોરણે કામગીરી કરવા માટે નિયુકત કરવામાં આવેલ હોય તેઓ સામાવાળા સંસ્થાના કાયમીની જગ્યા ઉપર કાયમી કામગીરી કરતાં કર્મચારી નથી. તે સંજોગોમાં અરજદારની ભરતી એ બેકડોર એન્ટ્રી સમાન ગણાય. સરકારી ખાતામાં જગ્યા ખાલી પડે ત્યારે ભરતી પ્રક્રિયામાં લાયકાત ધરાવતા પસંદગી લાયક ઉમેદવારોને સમાન તક આપવામાં આવે છે. જો સરકારી ખાતામાં બેકડોર એન્ટ્રીવાળા કર્મચારીએ કામગીરી કરેલ હોય અને તેઓ ને પુન:સ્થાપિત કરવામાં આવે તો તેનાંથી અન્ય ઉમેદવારોને અન્યાય થઈ શકે છે. અરજદારે સામાવાળા સંસ્થામાં કામ કરેલાની હકીકત છે,પરંતુ તેઓની ભરતી કાયદેસરની ભરતી પ્રક્રિયા અનુસારની નથી.

(૨૩) અરજદારે હાલનો આ વિલંબીત રેફરન્સ દાખલ કરેલ છે. અરજદારે વિલંબીત રેફરન્સ દાખલ કરવા અંગે તેઓની અસમર્થતા હોય તે દર્શાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા તે અનુસારની હકિકત તેઓએ તેમના માંગણા નિવેદનમાં તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. વિલંબીત રેફરન્સના સંજોગોમાં ઔધોગીક તકરાર અધિનિયમ ૧૯૪૭ ની આદેશાત્મક જોગવાઈઓને અવગણી શકાય નહિં અને તે અનુસાર સદર અધિનિયમની કલમ ૨–એ (૩) ને ઘ્યાને લેવી પડે અને આ જોગવાઈ આ કાયદામાં એકટ નં.૨૪/૨૦૧૦, તા.૧૫/૦૯/૨૦૧૦ ના રોજ ઉમેરવામાં આવેલ છે અને તે જોગવાઈનો ઉલ્લેખ અત્રે કરવામાં આવેલ છે.

Section 2-A : Dismissal etc., of an individual workman to be deemed to be an industrial dispute :-

(1) xxxx

(2) xxxx

(3) The application referred to in sub-section (2) shall be made to the Labour Court or Tribunal before the expiry of three years from the date of discharge, dismissal, retrechment of otherwise termination of

service as specified in sub-section (1).

ઉપરોકત જોગવાઈ અનુસાર નોકરીની સમાપ્તિ કે છટણી અંગેના કિસ્સામાં વિવાદ ત્રણ વર્ષના સમયમર્યાદા સમાપ્તિ પુરી થતાં પહેલા દાખલ કરી દેવો પડે. જયારે ગુજરાત સરકારના તા.૩૦/૦૯/૨૦૧૫ ના ગેઝેટ ધ્યાને લેતાં ''ત્રણ વર્ષ'' ની જગ્યાએ ''એક વર્ષ'' ની સમયમર્યાદા નિયત કરવામાં આવેલ છે.

(૨૪) અરજદારે વિલંબથી તેઓની તકરાર ઉપસ્થિત કરેલ હોય, તે સંજોગોમાં વિલંબીત તકરાર ઉપસ્થિત થયા પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત વડિ અદાલતે પ્રસ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંતોને માર્ગદર્શક સિઘ્ધાંતો તરીકે ધ્યાને લેવા પડે અને તે અનુસાર તે ધ્યાને લઈ તેનો ઉલ્લેખ કરવો અતિ જરૂરી જણાય આવે છે. જે અનુસાર અત્રેથી નામદાર સર્વોચ્ચ અદાલતનો ૨૦૧૩ (૧૪) એસ.સી.સી. પાના નં.૫૪૩ ઉપર પ્રસિઘ્ધ થયેલ આસીસ્ટન્ટ એન્જીનીયર, રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટીંગ બોર્ડ વિ. મોહનલાલના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિઘ્ધાંત ને માર્ગદર્શક સિઘ્ધાંત તરીકે ધ્યાને લેતાં,તે ચુકાદાના પેરા નં. ૧૯ ને ધ્યાને લેતાં, તેમાં જણાવવામાં આવેલ છે કે,-

" 19. We are clearly of the view that though the Limitation Act, 1963 is not applicable to the reference made under the ID Act but delay in raising industrial dispute is definitely an important circumstance which the Labour Court must keep in view at the time of exercise of discretion irrespective of whether or not such objection has been raised by the other side. The legal position laid down by this Court Gitam Singh that before exercising its judicial discretion, the Labour Court has to keep in view all relevant factors including the mode and manner of appointment, nature of employment, length of service,

the ground on which termination has been set aside and the delay in raising industrial dispute before grant of relief in an industrial dispute, must be invariably followed." ઉપરોકત નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા લીમીટેશન એકટ ૧૯૬૩ ની જોગવાઈઓ આઈ.ડી. એકટને લાગુ પડતી નથી, પરંતુ વિલંબ તે ઔધોગીક તકરારના ન્યાય નિર્ણય માટે અગત્યનું પરીબળ બની રહે છે. આ ઉપરાત નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રભાકર વિ.જોઈન્ટ ડિરેકટર, સેરીકલ્ચર ડિપાર્ટમેન્ટ, (૨૦૧૫) ૧૫ એસ.સી.સી. પાના નં.૧ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં આપેલ સિધ્ધાંતને ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

28. The aforesaid case law depicts the following :

(a) Law of limitation does not reply to the proceedings under the industrial Disputes Act, 1947.

(b) The words 'at any time' used in Section 10 would support that there is no period of limitation in making an order of reference.

(c) At the same time, the appropriate Government has to keep in mind as to wherther the dispute is still existing or live dispute and has not become a stale claim and if that is so, the reference can be refused.

(d) Whether dispute is alive or it has become stale/nonexistent at the time when the workmen approaches the appropriate Government is an aspect which would depend upone the facts and circumstances of each case and there cannot be any hard and fast rule regarding the time for making the order of reference.

આમ,ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત લક્ષમાં લેતા ઔધોગિક વિવાદધારા–૧૯૪૭ મુજબના પ્રોસીડીંગ્સમાં લો ઓફ લીમીટેશન લાગુ પડતો નથી પરંતુ વિવાદ લાઈવ એટલે કે જીવંત છે કે કેમ? અને વિવાદ સ્ટેલ એટલે કે વાસી થયેલ છે કે કેમ ? અંગે ન્યાયિક નિર્ણય કરીને રેફરન્સનો નિર્ણય કરવાનો હોય છે. હવે આ ચુકાદાના સંદર્ભે હાલના કેસના સંજોગો જોવામાં આવે તો આ કામે બીજા પક્ષકાર દવારા

રજુ થયેલ માંગણા નિવેદન મુજબ તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાએ તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ છુટા કરેલ હોવાનુ જણાવેલ છે તથા તેના સમ્બંધમાં બીજા પક્ષકારે તા. ૦૪/૦૭/૨૦૨૦ ના રોજ નામદાર મદદનીશ મજુર કમિશ્નરશ્રીની કચેરીમાં ફરીયાદ કરેલ છે જે ફરીયાદ અંગે બંન્ને પક્ષકારોમાં સમાધાન નહી થતાં નામદાર મદદનીશ શ્રમઆયુકતે તા.૧૪/૦૭/૨૦૨૦ ના રોજ અત્રેની કોર્ટમાં રેફરન્સ કરવાનો હુકમ કરેલ તથા તે રેફરન્સમાં બીજા પક્ષકારે તા.૦૧/૦૨/૨૦૨૧ ના રોજ આંક–૪ થી માંગણા નિવેદન રજુ કરેલ છે અને અરજદારે પોતાના માંગણા નિવેદનમાં એમ જણાવેલ છે કે બીજા પક્ષકારના કોઈપણ જાતના વાંક કે ગુના વગર તેઓને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ છે.વધુમાં સામાવાળાએ તેમની મૌખીક દલીલોમાં અરજદારને સરકારશ્રીના નિયમો અને સરકારશ્રીના ઠરાવ તા.૧૦/૦૨/૦૬ માં આપેલ બીજા પક્ષકારને છુટા કરવામાં આવેલ છે અને તેઓને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ છુટા કર્યા બાદ માંગણા નિવેદન તા. ૦૧/૦૨/૨૦૨૧ ના રોજ આશરે ૧૫ વર્ષ બાદ રજુ કરેલ છે જેથી લીમીટેશન ના કારણોસર ચાલવાપાત્ર ન હોવાનુ તથા સદર વિલંબ અંગે કોઈ વ્યાજબી કારણો જણાવેલ નથી તેથી હાલના કેસને ડીલેનો બાધ નડતો હોવાની રજુઆત કરેલ છે આ સિવાય અરજદાર ધ્વારા તેઓના માંગણા નિવેદનમાં નોકરીમાંથી છુટા કર્યા પછી કોઈ પણ ચોકકસ તારીખે પ્રથમ પક્ષકારને મળેલા હોય તેવું જણાવેલ નથી તથા વિલંબ અંગે કોઈ વ્યાજબી કારણો જણાવેલ નથી કે કોઈ વિલંબ માફ અંગે કોઈ પ્લીડીંગ કરેલ નથી.વધુમાં બીજા પક્ષકારની સોગંદ ઉપરની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં બીજા પક્ષકારે સ્વિકારેલ છે કે એ વાત ખરી છે કે મે કરેલ હાલની ફરીયાદો ચૌદ વર્ષ બાદ ૨૦૨૦ માં કરેલ છે. વધુમાં સ્વિકારે છે કે તેઓએ છેલ્લા ૧૬ વર્ષથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરવા માટે ગયેલ નથી.વધુમાં બીજા પક્ષકારે તેમના માંગણા નિવેદનમાં તેમજ સરતપાસના સોગંદનામામાં હાલનો રેફરન્સ ચૌદ વર્ષના વિલંબથી કેમ દાખલ કરેલો તેનુ કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં આ ચૌદ વર્ષના ગાળામાં તેઓને છુટા કર્યા બાદ તેઓએ તેમને નોકરી ઉપર ફરીથી લેવા માટે કોઈ પત્ર વ્યવહાર પ્રથમ

પક્ષકાર સંસ્થા સાથે કરેલ હોય કે નામદાર હાઈકોર્ટમાં કે અન્ય કોઈ કચેરીમાં ગયેલ હોય તેવો બીજા પક્ષકારનો કેસ નથી. આમ,ઉપરોકત દલીલ તથા સમગ્ર રેકર્ડ વંચાણે લેતાં સ્ પષ્ટ થાય છે કે આ કામનુ સમગ્ર રેકર્ડ વંચાણે લેતા સ્પષ્ટ થાય છે કે અરજદાર ને તા.૨૭/૦૩/૨૦૦૬ ના રોજ છુટા કરવા સબંધે તા.૦૯/૦૧/૨૩ના રોજ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરીયાદ દાખલ કરેલી જે ફરીયાદમાં સમાધાન ન થતાં મદદનીશ શ્રમ આયુકત, પાલનપુર તરફથી તા.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ અત્રેની લેબર કોર્ટમાં ન્યાય નિર્ણય માટે મોકલી આપેલ છે. ત્યારે ઉપરોકત વિવાદ લાઈવ હતો કે કેમ? તે સંબંધે અરજદારે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.વધુમાં અરજદારે કોઈ પત્રવ્યવહાર સામાવાળા સાથે તેમનો વિવાદ જીવંત હતો તેવુ બતાવવા માટે રજુ કરેલ નથી.અરજદારે તેમને છુટા કર્યા બાદ કયારે પણ સામાવાળા સંસ્થામાં ગયેલા હોય અને ફરીથી કામ ઉપર લેવા માટે કોઈ માંગણી કરેલ હોય તેવુ કોઈ જગ્યાએ જણાવેલ નથી તેવા સંજોગોમાં વિલંબ અંગેનું કોઈ કાયદેસર કારણ હોય તેવુ જણાતુ નથી. વળી, તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ બાબતે કોઈ સ્પેસીફીક હકીકતો જણાવેલ નથી. આમ ઉપરોકત હકીકત લક્ષમાં લેતા લેતા હાલનો વિવાદ જીવંત છે તે બતાવવા માટે કોઈ પુરાવો રજુ થયેલ નથી વધુમાં સુતેલા વ્યકિતને કાયદો મદદ કરતો નથી આથી અરજદારના વિવાદને વેઈવર (waiver)નો બાધ નડે છે.આવા સંજોગોમાં હાલનો વિવાદ સ્ટેલ (વાસી) હોવાનુ જણાઈ આવે છે કારણ કે હાલનો વિવાદ ઉત્પન્ન થવામાં અસહય વિલંબ કરેલ છે અને અસામાન્ય વિલંબ સંબંધે કોઈ ન્યાયિક અને વ્યાજબી કારણ દર્શાવેલ નથી.વધુમાં આ તબકકે નામ.ગુજરાત હાઈકોર્ટનો એલ.પી.એ.નં. ૩૦૭ /૧૬,તા.૨૬/૦૪/૧૬,પ્રવિણભાઈ નાનજીભાઈ ભરડવા વિ.સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો તેમજ ૨૦૦૫ એલએલઆર ૪૮૩ ઉપર પ્રસિધ્ધ થયેલ હરીયાણા સ્ટેટ કો. ઓ. લેન્ડ ડેવલપમેન્ટ બેન્ક વિરૂધ્ધ નીલમ (સુપ્રિમકોર્ટ)નાં ચુકાદામાં નામદાર એપેલેટ કોર્ટસ એવુ પ્રસ્થાપિત કરેલ છે કે જયારે કાયદામાં કોઈ સમય મર્યાદા સુચવેલ ન હોય ત્યારે કોર્ટ તેને ધ્યાને લઈ શકે નહીં,પરંતુ કેસના સંજોગો અને હકીકતો

ને આધારે વિવાદ ડીલેથી ઉત્પન્ન કરેલ હોય તો વિવાદવાસી છે કે કેમ? અને વિલંબ અંગેનો કોઈ ખુલાસો છે કે કેમ? તે અંગે જોવાનુ હોય છે.વધુમાં એસ્ટોપલ (Estoppel), વેઈવર (waiver), એકવીએસન્સ (acquiescence)નો સિધ્ધાંત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ ને લાગુ પડે છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે ઉપરોકત કેસમાં અરજદારે ડીલે હોવા છતાં વિલંબ અંગેનો કોઈ ખુલાસો રજુ કરેલ નથી.જેથી રેફરન્સ નામંજુર કરવામાં આવેલો. આમ, હાલના હાથ ઉપરના રેફરન્સમાં પણ અરજદારે ૧૪ વર્ષના અસાધારણ અને અસામાન્ય સમયગાળા બાદ રેફરન્સ દાખલ કરેલ હોય અને તેઓ કોઈ સ્પષ્ટ કારણ તેમના માંગણા નિવેદનમાં જણાવેલ નથી. જેથી રેફરન્સ મંજુર થવા પાત્ર નથી. આમ અરજદારનો કેસ ટકવા પાત્ર નથી તેવી સામાવાળાની દલીલ માનવા પાત્ર જણાય છે. આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઉદ્યોગ હોય તેમજ પ્રથમ પક્ષકાર સંસ્થા અને બીજા પક્ષકાર વચ્ચે માલીક–કામદારના સમ્બંધ હોય તે સાબિત થયેલ નથી.જેથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારને તા.૨૭/૦૩/ ૨૦૦૬ ના રોજ ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોય તે સાબિત થતુ ન હોઈ, **મુદદા નં. ૧ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે.

આ સિવાય અરજદાર દવારા હાલની અરજી ૧૪ વર્ષ થી વધુ સમય ના અસહય વિલંબથી દાખલ કરેલ હોય હાલનો રેફરન્સ ચાલવાપાત્ર ન હોય તે સંજોગોમાં પણ અરજદાર કોઈ પણ પ્રકારની દાદ હાલના કેસમાં મેળવવા હકકદાર બનતા નથી.

આમ,ઉપરોકત મુદદામાં ચર્ચા કરી તે મુજબ જયારે અરજદારની છટણી ગેરકાયદેસર બનતી ન હોઈ અને બીજા પક્ષકારે તેમનો રેફરન્સ ચૌદ વર્ષથી વધુ સમયના અસહય વિલંબથી દાખલ કરેલ હોય તેવા સંજોગોમાં અરજદાર આઈ.ડી.એકટ મુજબ આ અદાલત પાસેથી માંગણા નિવેદન માં જણાવ્યા મુજબની કોઈ જ દાદ મેળવવા હકકદાર થતા ન હોય,મુદદા નં.ર બાબતે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

–:– હુકમ –:–

(૧) બીજા પક્ષકાર શ્રમયોગીનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પક્ષકારો એ પોત પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી દવારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ–૩૨ ની જોગવાઈ મુજબ સબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધી થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસાર કાર્યવાહી કરવી.

તા. ૩૦/૦૪/૨૦૨૪.
સ્થળ : પાલનપુર.

(સુનીલ કુમાર શર્મા)
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત,પાલનપુર.
(કોડ નં.જીજે૦૧૩૪૯)